આજનો સુવિચાર

પોતાની જાતને બદલશો તો ભાગ્ય પણ અવશ્ય બદલી જશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૭૯ જૂનાગઢ તા.૧૧-૦૩-૨૦૨૫ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 79, Junagadh : Date : 11 March, 2025, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# અમેરીકી શેરબજારમાં છેલ્લા બે વર્ષનો સૌથી મોટો કડાકો




## ટ્રમ્પની નીતિઓથી ગભરાટ ફેલાયો : નાસડેક ૪ ટકા તુટયો : ડાઉજોન્સ પણ ડાઉન : વિશ્વના મોટાભાગના શેરબજારોમાં ભૂકંપ


(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: સોમવારે યુએસ શેરબજારમાં તિવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ ઘટાડાનું નેતૃત્વ નાસ્ડેક દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ટેકનોલોજી શેરોનું વર્ચસ્વ છે. તે ૬ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો. નાસ્ડેક ૩% થી વધુ ઘટયો. આ ઘટાડાનું મુખ્ય કારણ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિઓ હોવાનું માનવામાં આવે છે. આ નીતિઓએ આર્થિક મંદીના જોખમમાં વધારો કર્યો છે. શું આ મંદીની નિશાની છે ? અમેરિકન બજારોમાં મોટા ઘટાડા પછી આ પ્રશ્ન વધુ ઘેરો બનવા લાગ્યો છે. છેલ્લા ટ્રેડિંગ દિવસે યુએસ માર્કેટમાં એટલો બધો હોબાળો થયો કે ડાઉ જોન્સ અને S&P-500 જેવા ઈન્ડેક્સ તૂટી પડ્યા. મંગળવારે ખુલતાની સાથે જ એશિયન બજારોમાં અમેરિકાના બજારોમાં ભારે ઘટાડાની અસર જોવા મળી હતી અને તેમાંથી મોટાભાગના બજારો લાલ નિશાનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. ખાસ વાત એ છે કે અમેરિકન શેરબજારોમાં છેલ્લા ૨ વર્ષમાં સૌથી મોટો ઘટાડો છે.. S&P-500 ઈન્ડેક્સ ફેબ્રુઆરીના ઉચ્ચતમ સ્તરથી ૮% થી વધુ ઘટયો છે. ગયા અઠવાડિયે જ નાસ્ડેકે કરેક્શનની પુષ્ટિ કરી હતી. તે ડિસેમ્બરના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી ૧૦% થી વધુ નીચે છે.

યુએસ શેરબજારોમાં ઘટાડાને કારણે, મંદીનો પડછાયો ફરી એકવાર ઘેરો બનતો જોવા મળી રહ્યો છે. છેલ્લા ટ્રેડિંગ દિવસમાં, ટેસ્લાના શેર (ટેસ્લા શેર ૧૫% ડાઉન) સહિત ઘણી મોટી વૈશ્વિક કંપનીઓના શેર તૂટી પડ્યા. ડાઉ જોન્સ ખરાબ સ્થિતિમાં દેખાતો હતો અને ટ્રેડિંગ દરમિયાન તે ૧૧૦૦ પોઈન્ટ ઘટયો હતો, જોકે અંતે ઈન્ડેક્સ ૨.૦૮% એટલે કે ૮૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૪૧,૯૧૧.૭૧ પર બંધ થયો હતો. ડાઉ જોન્સની જેમ, S&P-500 માં પણ આવી જ સ્થિતિ જોવા મળી અને તે ૧૫૫.૬૪ પોઈન્ટ અથવા ૨.૭૦% ના ઘટાડા સાથે બંધ થયો. તે જ સમયે, નાસ્ડેકમાં વધુ મોટો ઘટાડો જોવા મળ્યો અને તે ૪% ઘટીને ૧૭,૪૬૮.૩૨ પર બંધ થયો, જે સપ્ટેમ્બર ૨૦૨૨ પછી આ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો છે.

# આજે ગુજરાતના ૯ જીલ્લામાં ગરમીનું રેડએલર્ટ : તાપમાન ૪૩ ડીગ્રી સુધી પહોંચશે

(બ્યુરો ઓફિસ) અમદાવાદ તા.૧૧ ચાલુ વર્ષે ગુજરાતમાં માર્ચ મહિનાથી જ આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા આજે ૯ જિલ્લામાં ગરમીનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીનગર, જૂનાગઢ અને પોરબંદરનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાં તાપમાનનો પારો ૪૨થી ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યના મોટાભાગના સેન્ટરોમાં છેલ્લા ૩ દિવસથી ગરમીનો પારો ૩૮ ડિગ્રીથી નીચે ગયો નથી. અમદાવાદ શહેરમાં પડી રહેલી આકરી ગરમીના કારણે કોર્પોરેશને પણ હીટ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. તો સ્કૂલોમાં સ્કૂલોમાં દર દોઢ કલાકે પાણી માટે બેલ વગાડવામાં આવશે. આ સાથે શહેરોના ટ્રાફિક સિગ્નલ સવારે ૧૧થી સાંજે ૫ સુધી બંધ રહેશે.

ફેબ્રુઆરીમાં વારંવાર સક્રિય થયેલાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને માર્ચમાં સક્રિય થયેલી એન્ટિ સાઈક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમની અસરથી માર્ચના પ્રથમ અઠવાડિયાથી જ શહેરમાં આકરી ગરમી શરૂ થઈ છે. આ બંને સિસ્ટમની અસરથી હીટવેવનું મોજું ફરી વળતાં આ વર્ષે માર્ચમાં ગરમીનો પારો ગત વર્ષ કરતાં ૧૬ દિવસ પહેલાં ૪૦ ડિગ્રીએ પહોંચ્યો છે. સોમવારે મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું. આજે ગરમીનું રેડ એલર્ટ અને બુધવારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સોમવારે રાજ્યમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન ભુજ શહેરમાં નોંધાયું હતું.



# વિશ્વના ટોચના ૨૦ પ્રદુષીત શહેરોમાં ભારતના ૧૩ શહેરો

## સૌથી વધુ પ્રદુષીત ૧૦ શહેરોમાં પણ ભારતના ૬ શહેરો

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: વિશ્વભરમાં પ્રદૂષણ પર પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલમાં, ભારતની ભાગીદારીમાં કોઈ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી. વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતમાં છે, જેમાં આસામનું બુર્નીહાટ ટોચ પર છે. સ્વિસ એર ક્વોલિટી ટેકનોલોજી કંપની IQAir દ્વારા પ્રકાશિત વર્લ્ડ એર ક્વોલિટી રિપોર્ટ ૨૦૨૪ અનુસાર, દિલ્હી વૈશ્વિક સ્તરે સૌથી પ્રદૂષિત રાજધાની શહેર રહ્યું છે, જ્યારે ભારત ૨૦૨૪ માં વિશ્વનો પાંચમો સૌથી પ્રદૂષિત દેશ હતો. જોકે, વર્ષ ૨૦૨૩માં તે ત્રીજા સ્થાને હતું.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં PM ૨.૫ ની સાંદ્રતા ૨૦૨૪ માં ૭ ટકા ઘટીને સરેરાશ ૫૦.૬ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર થવાનો અંદાજ છે, જે ૨૦૨૩ માં ૫૪.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતો. છતાં, વિશ્વના ૧૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૬ ભારતમાં છે. દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત ઊંચું રહ્યું, વાર્ષિક સરેરાશ PM 2.5 સાંદ્રતા પ્રતિ ઘન મીટર ૯૧.૬ માઈક્રોગ્રામ હતી, જે ૨૦૨૩ માં ૯૨.૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર સુધી પહોંચી ગઈ.

વિશ્વના ટોચના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૧૩ ભારતીય શહેરોનો સમાવેશ થાય છે - બુર્નીહાટ, દિલ્હી, મુલ્લાનપુર (પંજાબ), ફરીદાબાદ, લોની, નવી દિલ્હી, ગુડગાંવ, ગંગાનગર, ગ્રેટર નોઈડા, ભીવાડી, મુઝફ્ફરનગર, હનુમાનગઢ અને નોઈડા.

# એલન મસ્કને ફટકો : X પ્લેટફોર્મ 3 વાર ડાઉન થયું : યુક્રેનથી સાયબર હુમલો કરાયો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ સૌથી ધનવાન વ્યકિત એલોન મસ્કનું માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'X' ફરી એકવાર વિશ્વભરમાં ડાઉન થયું હતું. સોમવારે ત્રણ વખત 'X' ઠપ થયું હતું. જેના કારણે યુઝર્સ લોગ ઈન કરી શકતા નહોતા. ઘણાં યૂઝર્સ ડાઉન ડિટેક્ટર વેબસાઈટ પર ફરિયાદો નોંધાવી છે.

એલોન મસ્કે દાવો કર્યો હતો કે, 'સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સાયબર હુમલો યુક્રેન ક્ષેત્રમાંથી થયો હતો. આનાથી સેવાઓમાં વિક્ષેપ પડ્યો અને સાયબર સુરક્ષા જોખમો અંગે ચિંતાઓ વધી. અમને બરાબર ખબર નથી કે શું થયું, પરંતુ યુક્રેન ક્ષેત્રમાંથી ઉદ્ભવતા IP એડ્રેસ સાથે 'X' સિસ્ટમોને નીચે લાવવા માટે એક મોટો સાયબર હુમલો થયો હતો.'

અહેવાલો અનુસાર, સોમવારે બપોરે ૩:૩૦ વાગ્યે 'X' ડાઉન થયું હતું. પછી સાંજે ૭ વાગ્યે લોકોને લોગ ઈન કરવામાં સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. ત્રીજી વખત, X રાત્રે ૮:૪૪ વાગ્યે ફરીથી ડાઉન થયું હતું. વિવિધ સ્થળોએ લોકોને એપ અને સાઈટ પર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. વિશ્વભરના ઘણાં દેશોમાં યુઝર્સ X વિશે ફરિયાદ કરી રહ્યા છે.

# રશિયા પર યુક્રેનનો ડ્રોન હુમલો

(એજન્સી) મોસ્કો, તા.૧૧: લાંબા સમયથી યુદ્ધ લડી રહેલા રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો થયો છે. રશિયાની રાજધાની મોસ્કોને નિશાન બનાવીને સૌથી મોટો ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. ૬૦થી વધુ ડ્રોન રશિયામાં ઘૂસી ગયા અને મોસ્કોમાં અનેક બહુમાળી ઈમારતોને નિશાન બનાવી હતી. જોકે, આ ડ્રોન હુમલાથી કોઈ મોટા નુકસાન વિશે હજુ સુધી કોઈ માહિતી નથી.એક તરફ, રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સંઘર્ષને રોકવા માટે સાઉદી અરેબિયામાં એક બેઠક યોજાવાની હતી તે પહેલાં જ યુક્રેને રશિયન રાજધાની મોસ્કો પર મોટો ડ્રોન હુમલો કર્યો. રશિયાએ દાવો કર્યો છે કે યુક્રેન દ્વારા મોસ્કો પર મોટો ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે.

# ખેડુતો લોન ભરી શકતા નથી : કિસાન ક્રેડીટ કાર્ડમાં બેડ લોન વધી રહી છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) ખાતાઓમાં લોન ફસાઈ રહી છે. વધતી જતી બેડ લોન એટલે કે અટકેલી લોનથી કૃષિ ક્ષેત્રમાં ચિંતા વધી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ડેટા અનુસાર, છેલ્લા ચાર વર્ષમાં પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs) સિવાય, અનુસૂચિત વાણિજયિક બેંકોના KCC ખાતાઓમાં NPA માં ૪૨ ટકાનો જંગી વધારો થયો છે. માર્ચ ૨૦૨૧ ના અંતમાં આ રકમ ૬૮,૫૪૭ કરોડ રૂપિયા હતી, જે ડિસેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં વધીને ૯૭,૫૪૩ કરોડ રૂપિયા થઈ ગઈ. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના માહિતી અધિકાર (RTI) ના જવાબમાં RBI દ્વારા આ માહિતી આપવામાં આવી છે. આ વધારા માટે ઘણા કારણો આપવામાં આવી રહ્યા છે. આમાં હવામાનની સ્થિતિ, ખેડૂતોમાં લોન ચુકવણીના સમયપત્રક વિશે માહિતીનો અભાવ, વ્યકતિગત જરૂરિયાતોને કારણે ચુકવણીમાં વિલંબ અને બેંકોની નબળી લોન વસૂલાત પ્રણાલીનો સમાવેશ થાય છે.

# ગુજરાત કોંગ્રેસના નેતાઓને હાઈકમાન્ડનું તેડુ

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના વર્તમાન પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, પૂર્વ પ્રદેશ પ્રમુખ, પૂર્વ વિપક્ષના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. ગુજરાત કોંગ્રેસની વર્તમાન સ્થિતિ અંગે વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા કરવામાં આવી શકે છે. રાહુલ ગાંધી ગુજરાતના નેતાઓના મનમાં શું છે તે પણ જાણવાનો પ્રયાસ કરશે.

પ્રાપ્ત વિગત અનુસાર ગુજરાતની મુલાકાત બાદ રાહુલ ગાંધી આગામી વિધાનસભા ચૂંટણી માટે રાજ્યમાં પાર્ટીને ફરી ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ કડીમાં ગુજરાત કોંગ્રેસના આગામી કાર્યક્રમો અને સંગઠનની ગતિવિધિઓ વિશે રણનીતિ બનાવવા માટે ગુજરાત કોંગ્રેસના નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. આ બેઠકમાં રાજ્યમાં કોંગ્રેસની આગામી રણનીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવી શકે છે.

## મહારાષ્ટ્રમાં આવેલી ઔરંગઝેબની કબર હટાવવાની માંગ મુખ્યમંત્રીનું સમર્થન

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે છત્રપતિ સંભાજીનગર જિલ્લાના ખુલ્દાબાદમાંથી મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબર દૂર કરવાની માંગને સમર્થન આપ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું - આપણે બધા આ ઈચ્છીએ છીએ, પરંતુ તમારે તે કાયદાના દાયરામાં કરવું પડશે, કારણ કે આ એક સુરક્ષિત સ્થળ છે. થોડા વર્ષો પહેલા, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન, આ સ્થળને ASIના રક્ષણ હેઠળ રાખવામાં આવ્યું હતું. ખરેખરમાં, છત્રપતિ શિવાજી મહારાજના વંશજ, ભાજપના સતારાના સાંસદ ઉદયનરાજે ભોંસલેએ ઔરંગઝેબની કબર તોડી પાડવાની માંગ કરી હતી.

## દેશમાં ફુગાવાનો દર ૪ ટકાથી નીચે રહેવાના સંકેતો

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: દેશમાં મોંઘવારી દરમાં ઘટાડો થવાના સંકેતો દેખાઈ રહ્યા છે. ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવાનો દર જાન્યુઆરી કરતા ઓછો રહી શકે છે. તમામ કેટેગરીઓની ચીજવસ્તુઓ ખાસ કરીને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે, તે ૪% અથવા તેનાથી પણ નીચે રહી શકે છે, જે રિઝર્વ બેંકના લક્ષ્યાંકની અંદર છે. રીઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ એપ્રિલમાં ફરી એકવાર નીતિગત વ્યાજ દર એટલે કે રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. આ વર્ષે જાન્યુઆરીમાં છૂટક ફુગાવાનો દર ૪.૩૧% હતો. આંકડા મંત્રાલય બુધવારે ફેબ્રુઆરી મહિનાના આંકડા જાહેર કરશે.

## આગામી દિવસોમાં ડીજીટલ પેમેન્ટ મોંઘુ બનશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૧: દેશમાં UPI અને RuPay ડેબિટ કાર્ડનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. હાલમાં, આ દ્વારા કરવામાં આવતા વ્યવહારો પર કોઈ ફી લેવામાં આવતી નથી. MDR એટલે કે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એ ચાર્જ છે જે દુકાનદારો ડિજિટલ પેમેન્ટ પ્રોસેસ કરવા માટે તેમની બેંકોને ચૂકવે છે. હાલમાં સરકારે આ ફી માફ કરી દીધી છે પરંતુ હવે સરકાર તેને ફરીથી લાગુ કરવાની યોજના બનાવી રહી છે. ET માં પ્રકાશિત સમાચાર અનુસાર, બેંકિંગ ઉદ્યોગ દ્વારા સરકારને એક પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. આ પ્રસ્તાવમાં એવું કહેવામાં આવ્યું છે કે જે દુકાનદારોનું વાર્ષિક ટર્નઓવર ૪૦ લાખ રૂપિયાથી વધુ છે તેમના પર ફરીથી MDR લાગુ કરવામાં આવે. સરકાર આ દરખાસ્ત પર વિચાર કરી રહી છે. તેનો અર્થ એ થયો કે જે નાના દુકાનદારોનું વાર્ષિક વેચાણ ૪૦ લાખ રૂપિયાથી ઓછું છે તેમની પાસેથી કોઈપણ પ્રકારનો MDR વસૂલવામાં આવશે નહીં.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

હોળી - ધુળેટી પર્વની હાર્દિક શુભેચ્છા.
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા - જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન - +૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

લોન... લોન... લોન...લોન...
CAPRI LOANS
SAATH APNO KA
હવે કોઈપણ નાના કે મોટા ધંધા માટે લોન મળશે સરળતાથી
- સ્કૂલ ફંન્ડિંગ
- હોસ્ટેલ ફંન્ડિંગ
- રિસોર્ટ ફંન્ડિંગ
- હોસ્પિટલ ફંન્ડિંગ
- દુકાન ખરીદી મા
- કોમર્સિયલ મિલકત ખરીદી મા
- કારખાના ખરીદી મા
- મોર્ગેજ લોન
- ઉપર મુજબ ની કોઈપણ લોન 1 Cr. To 5 Cr. સુધીની લોન કરી આપીશું.
- Cibil નો પ્રોબ્લેમ હોય તો પણ ચિંતા ન કરો અમે લોન કરી આપીશું.
- કોઈપણ પ્રકારની મોર્ગેજ લોન કરી આપશું.
Gautam Lalvani
9978118463

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

# ગુરૂવારે હોલિકા દહન : હોળીની ઝાળ બતાવશે વર્ષનો વરતારો પૂજન તથા વૈજ્ઞાનિક મહત્વ અને હોળી પ્રગટાવાનુ મુહૂર્ત

### હોળીનું મહત્વ

ફાગણ શુદ ચૌદસને ગુરૂવારને તા.૧૩-૩-૨૫ ના દિવસે હોળી છે. ગુરૂવારે સવારના ૧૦:૩૭ કલાકેથી પૂનમ તીથી શરૂ થઈ જાય છે. જે તા.૧૪ માર્ચને શુક્રવારે બપોરે ૧૨ .૨૫ સુધી પૂનમ તિથિ છે આમ ગુરુવારે સાંજના ભાગે પૂનમ તીથી હોતા અને ગ્રંથોના નિયમ પ્રમાણે પ્રદોષકાળ માં પૂનમ હોય તે દિવસ લેવો આથી ગુરૂવાર નો દિવસ હોળીનો ગણાય. અને શુક્રવારે ધૂળેટી ગણાશે હોળાષ્ટક શુક્રવારે બોપોરે ૧૨.૨૫ કલાકે પુરા થશે. આપણી વર્ષોની પરંપરા છે હોળીની દિશાના આધારે એક માન્યતા પ્રમાણે હોળી પ્રગટયા બાદ જે દિશામાં પવન વાતો હોય તે દિશા પ્રમાણે તે વર્ષના વરસાદની આગાહી કરવામાં આવે છે. જેમાં ઈશાન ખુણામાં સારો વરસાદ થાય, ૧૬ આની. અગ્નિ ખુણામાં પવન વાયતો દુષ્કાળનો ભય રહે. વાયવ્ય ખુણામાં પવન વાપનો સારો વરસાદ થાય. નૈઋત્ય ખુણામાં પવન વાય તો સાધારણ વરસાદ થાય. પશ્ચિમ દિશામાં પવન જાય તો ૮ આની ચોમાસુ. દક્ષિણ દિશામાં પવન જાય તો પાક નાસ પામે.પૂર્વે દિશામાં પવન વાય તો કયાંક વરસાદ પડે કપાંકનો પડે. ૧૨ આની વર્ષ. ઉત્તર દિશામાં જાય તો વરસાદ સારો કહી શકાય. ધાન્ય સારૂ પાકે. ઉપરની કોર પવન ચડે તો યુધ્ધ થાય પ્રજા દુઃખી. હોળીની ઝાર ચારેકોર ફરે તો વાવાઝોડું વંટોળ વાય. વર્ષમાં ચાર મહારાત્રી ગણાય છે. તેમાની એક મહારાત્રી એટલે હોળીનો દિવસ. ચંડીપાઠ પ્રમાણે કાલરાત્રી મહારાત્રી મોહરાત્રી, દારૂણરાત્રી કાલ રાત્રી એટલે કાળી ચૌદશ મહારાત્રી એટલે મહાશિવરાત્રી મોહરાત્રી એટલે જન્માષ્ટમી દારણરાત્રી એટલે હોળીની રાત,આમ વર્ષમાં ચાર મહારાત્રીમાંથી એક મહારાત્રીનો દિવસ એટલે હોળીનો દિવસ ગણાય છે.

### હોળીની કથા

ભક્ત પ્રહલાદ વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત હતા પરંતુ આ તેમના પિતા હિરણ્ય કશ્યપને ગમતું ન હતું આથી એક દિવસ હિરણ્ય કસ્યપ એ પોતાના પુત્ર પ્રહલાદને હોળીકાના ખોળામાં બેસવા આદેશ દીધો. પ્રહલાદે ભગવાન વિષ્ણુને પોતાની રક્ષા માટે પ્રાર્થના કરી. જ્યારે આગ શરૂ થઈ ત્યારે હોલીકા તેમાં બળીને ભસ્મ થઈ ગઈ પણ પ્રહલાદને કાંઈ પણ ન થયું. આ ઘટના ને લીધે હોળી તથા ધુળેટી મનાવાય છે.

### હોલિકા માતાનું પુજન

સૌપ્રથમ હાથમાં જળ લઈ અને સંકલ્પક કરવો આજના દિવસે મારા શરીરની બધી બાધાઓ દુર થાય રોગ શત્રુ દુર થાય અને સારા આરોગ્યની પ્રાપ્તી થાય ત્યાર બાદ હોળીમાં શ્રીફળ હોમવું ત્યારબાદ અબીલ ગુલાલ કંકુના છાટણા નાખવા ખજૂર અને ધાણી પણ પધરાવી શકાય હોળી મા લવિંગ કપૂર પણ પધરાવી શકાય છે જેનાથી વાતાવરણ શુદ્ધ બને છે ત્યારબાદ ધર્મ સિંધુ ગ્રંથના નીયમ પ્રમાણે હોળીની ત્રણ પ્રદક્ષિણા ફરવી અને પ્રાર્થના કરવી મારા શરીરની બધી જે બીમારીઓ દુર થાય હોળી ના દિવસે પોતાના કુળદેવીના મંત્ર જપ કરવા શ્રેષ્ઠ છે. સાથે હનુમાનજીની ઉપાસના ભૈરવ ઉપાસનાં કરી શકાય જેથી આખુ વર્ષ શાંતિથી પસાર થાય. સરસવ નો દીવો કરી હનુમાનજીને તથા ભૈરવદાદાને હોળીની સાંજે ૨૧ અળદ ના દાણા ચડાવા પણ શુભ છે અને ફળદાઈ છે.

હોળીમાં પરંપરા પણ જોડાયેલી છે જેમાં નવા જન્મેલ બાળક ને અથવા તો કન્યા ને તેમના મામા તેમને તેડે છે અને સાકર ના હારડો પહેરાવી અને હોળી ની ૭ અથવા ૧૧ પ્રદક્ષિણા ફરે છે ૨૯ માર્ચથી કુંભ, મીન તથા મેષ રાશીના જાતકો મોટી પનોતી તથા સિંહ અને ધન રાશી ના લોકો ને શનિની નાની પનોતી શરૂ થશે આથી હોળીનાં દિવસે હનુમાન ચાલીસાના પાઠ કરવા હનુમાનજીનું પૂજન કરવું. જેથી પનોતીમાં રાહત રહેશે. તથા મેષ. ધન .સિંહ રાશી ના લોકોને રાહુ અશુભ ચાલે છે. ગોચરમાં રાહુ અશુભ ચાલતો હોવાથી હોળીનાં દિવસે મહાદેવજીને કાળા તલ ચડાવા તે ઉપરાંત મહાદેવજી ઉપાસનાં હોળીનાં દિવસે ખાસ કરવી જેથી રાહત રહેશે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો હોળીના દિવસે જે ઋતુ હોય છે તે મિશ્ર ઋતુ હોય છે કે જેમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી બને હોય છે આથી લોકોમાં કફ જન્ય બીમારીમાં વધારો થાય છે આથી હોળીનો તાપ લેવાથી તે બીમારી દૂર થાય છે ખાસ કરીને દાળિયા છે ધાણી છે તે કફને દૂર કરે છે તે ઉપરાંત હોળીમાં જે કપૂર અને લવિંગ પધરાવાથી વાતાવરણમાં રહેલા બેક્ટેરિયા દૂર થાય છે અને વાતાવરણ પણ શુદ્ધ થાય છે હોળીનો તાપ શરીરને મળવાથી શરીરમાં કફ પિત જેવી અનેક બીમારીઓ દૂર થાય છે.

### હોળી પ્રગટાવાના શુભ સમયની યાદી

ગુરૂવારે હોલિકા દહનનો શુભ સમય : ખાસ કરીને હોલિકા દહન સમયે ભદ્રા હોવી જોઈએ નહીં આ વર્ષે ગુરૂવારે રાત્રિના સમયે ભદ્રા છે. પરંતુ, પંચાંગ પ્રમાણે ગુરૂવારે આવતી ભદ્રા પુણ્યવતી માનવામાં આવે છે આથી ગુરૂવારે દિવસ આથમ્યા પછી રાત્રીના સમયે હોલિકા દહન કરવું શુભ ગણાશે. પ્રદોષકાળનો શુભ સમય સાંજે ૬:૫૫ થી ૯.૧૮ સુધી. ચોઘડિયાં પ્રમાણે શુભ સમય અમૃત ચોઘડિયુ ૬:૫૫થી ૮.૨૫ કલાક સુધી છે. જ્યારે ચલ ચોઘડિયું રાત્રે ૮.૨૫ થી ૯.૫૫ સુધી છે. આમ સાંજે ૬-૫૫થી રાત્રે ૯-૫૫ સુધી હોળી પ્રાગટ્ય માટેનો શુભ સમય છે. વ્રત રહેવાની પૂનમ પણ ગુરૂવારે છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન

# રાજ્યના સર્વગ્રાહી વિકાસને પગલે શહેરીકરણના વધતા વ્યાપ અને શહેરી જનસંખ્યાને વધુ નાગરિકલક્ષી સુવિધાઓ આપવા ૬૯ નગરપાલિકાઓનું અપગ્રેડેશન કરાયું

**રાજ્યમાં અ-વર્ગની નગરપાલિકાઓમાં વધુ ૨૧, બ-વર્ગમાં ૨૨ અને ક-વર્ગમાં ૨૬ મળી કુલ ૬૯ નગરપાલિકાઓ અપગ્રેડ થઈ : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાઓને વિવિધ વિકાસ કામો માટે કુલ રૂા.૪૬૭.૫ કરોડની વધુ ગ્રાન્ટ મળવાપાત્ર થશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા વિકસિત ભારતના સંકલ્પમાં વિકસિત ગુજરાતની વિકાસયાત્રાથી અગ્રેસર રહેવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્યના શહેરોને ગતિશીલ, જીવંત અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટથી લિવેબલ બનાવવાના અભિગમ સાથે ૬૯ નગરપાલિકાઓનું અપગ્રેડેશન કર્યુ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં ઉત્તરોત્તર વધતા જતા વિકાસને પરિણામે શહેરોમાં વસનારા લોકોની સંખ્યા પણ વધતી જાય છે ત્યારે નગરપાલિકા વિસ્તારોમાં વસતા નાગરિકોને વિવિધ માળખકીય સુવિધાઓ પૂરી પાડી શકાય અને જનસુવિધાઓમાં વધારો થાય તેમજ વિકાસલક્ષી કામો વધુ ઝડપી અને સુચારૂ રીતે થઈ શકે તેવા ઉદાત્ત અભિગમ સાથે આ નગરપાલિકાઓનું અપગ્રેડેશન કરવામાં આવ્યુ છે. નગરપાલિકાઓના આ અપગ્રેડેશનને પરિણામે ૧ લાખથી વધુ વસતિ ધરાવતી અ-વર્ગની નગરપાલિકાઓમાં વધુ ૨૧ નગરપાલિકાઓ, ૫૦ હજારથી ૧ લાખ સુધીની વસતિ ધરાવતી બ-વર્ગની નગરપાલિકાઓમાં વધુ ૨૨ અને ૨૫ હજારથી ૫૦ હજારની વસતિ ધરાવતી ક-વર્ગની નગરપાલિકાઓમાં વધુ ૨૬ નગરપાલિકાઓનો ઉમેરો થયો છે. એટલું જ નહિ, જે નગરપાલિકાઓ જે-તે જિલ્લાના મુખ્ય મથકની નગરપાલિકાઓ એવી ખંભાળીયા, લુણાવાડા, મોડાસા, વ્યારા, છોટા ઉદેપુર, દાહોદ તથા રાજપીપળાને અ-વર્ગમાં અપગ્રેડ કરવામાં આવી છે.

આ ઉપરાંત, મુલાકાતીઓ-યાત્રાળુઓની વધુ અવર-જવર ધરાવતા દ્વારકા, પાલીતાણા, ચોટીલા તથા ડાકોર જેવા ધાર્મિક-પ્રવાસન સ્થળોની નગરપાલિકાઓનો પણ અપગ્રેડેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વડનગરના ૨૫૦૦ વર્ષ જેટલા પૌરાણિક અને ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર વડનગરના સ્થાનને ધ્યાને લઈને તેને પણ “અ” વર્ગમાં અપગ્રેડ કરવામાં આવી છે. નગરપાલિકાઓના આ અપગ્રેડેશનથી આંતર માળખાકીય વિકાસ કામો, આઉટગ્રોથ વિસ્તારના કામો, આગવી ઓળખના કામો અને નગર સેવાસદનના કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અ-વર્ગની પ્રત્યેક નગરપાલિકાઓને અંદાજે કુલ રૂા.૨૮ કરોડ, બ-વર્ગની નગરપાલિકાઓને આશરે રૂા.૨૨ કરોડ, ક-વર્ગની નગરપાલિકાઓને રૂા.૧૫.૫ કરોડ અને ડ-વર્ગની નગરપાલિકાઓને રૂા.૧૦ કરોડની ગ્રાન્ટ મળી હવે કુલ અંદાજે ૨૮૮૨ કરોડ રૂપિયા આવા વિકાસ કામો માટે ફાળવવામાં આવશે.

### ચોક્કસ આંગડિયા પેઢી મારફતે સોમવારે સવારે કરોડોના હવાલા પણ પડી ગયા

# ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ પર ગુજરાતમાં જ કરોડો રૂપિયાનો સટ્ટો રમાયો

**અમદાવાદમાં હવે ઠેર ઠેર બુકીઓના માણસો સટ્ટા બેટિંગની એપ્લિકેશનો આઈડી પાસવર્ડ મેળવીને સટ્ટો રમાડતા થઈ ગયા છે**

અમદાવાદ, તા.૧૧

દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફી રમાતી હોય અને ભારતની ટીમ ફાઈનલમાં રમતી હોય એટલે બુકીઓ-સટોડિયાઓ માટે તો જાણે કે અવસર આવ્યો હોય તેવો ઘાટ થાય. ભારત-ન્યુઝીલેન્ડની ફાઈનલ પર અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યમાં લગભગ એકાદ હજાર કરોડનો સટ્ટો રમાયો હતો અને બીજી દિવસે સોમવારે સવારે તો ચોક્કસ આંગડિયા પેઢી દ્વારા તેના હવાલા પણ પાડી દેવાયા હતા.

જોકે પોલીસે ઓનલાઈન સટ્ટો રમાડતા ઘણા લોકોને ઝડપી પણ લીધા હતા. જોકે મોટા બુકીઓ તો પોલીસની પકડ બહાર બેસીને સટ્ટો રમાડતા હતા. જ્યારે કેટલાક બુકીઓ ખાસ દુબઈ પહોંચી ગયા હતા.દેશ અને દુનિયાભરમાં ક્રિકેટ પર રમાતા સટ્ટાના માસ્ટર માઈન્ડ ગુજરાત અને ભારતના જ છે. આ સટોડિયાઓએ ભારતમાં પોલીસ અને તંત્રનું દબાણ વધતાં દેશ છોડી દીધો છે. મોટા ભાગના બુકીઓ દુબઈમાં સેટલ થઈ ગયા છે.

જો કે તમામની સામે ભારતમાં કેસ ચાલી રહ્યા છે. દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ પર ભારત જીત માટે ફેવરિટ હતું. તેમ છતાં મેચ દરમિયાન ઘણા ચડાવ-ઉતાર જોવા મળ્યા હતા. હવે સટ્ટો માટેની એપ્લિકેશન દ્વારા બુકીઓ ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યા છે. સટ્ટા બેટિંગની એપ્લિકેશનને આધારે બુકીઓએ કરોડોનો સટ્ટો લીધો હતો. અમદાવાદમાં હવે ઠેર ઠેર બુકીઓના માણસો સટ્ટા બેટિંગની એપ્લિકેશનો આઈડી પાસવર્ડ મેળવીને સટ્ટો રમાડતા થઈ ગયા છે. માત્ર ગુજરાતમાં જ એકાદ હજાર કરોડનો સટ્ટો રમાયો હતો.ચાંદખેડા પોલીસે બાતમીના આધારે ચામુંડા કાફેમાં રેડ કરી હતી. કાફેમાં બેસીને ભારત-ન્યુઝીલેન્ડની ફાઈનલ મેચ પર સટ્ટો રમતા રિતેશ ઠક્કરને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીનો ફોન કબજે લઈને તપાસ કરતા એક આઈડી મળી આવ્યું હતું. જે આઈડી તેણે સોશિયલ મીડિયામાં આવતી સાઈટ પરથી ખરીદ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે પીસીબીની ટીમે બાતમીના આધારે ગોતા દેવનગર ચાર રસ્તા પાસે નહેરૂનગર વાળા માર્કેટમાં રેડ કરી હતી. અહીંથી પોલીસે રાજેશ વનજાણી (રહે. વાડજ)ને ઝડપી પાડી તેનો ફોન કબજે લીધો હતો. જેમાં મળેલું આઈડી તેણે રોકી તલરેજા પાસેથી એક લાખમાં લીધું હોવાનું સામે આવ્યું છે. તો બીજી તરફ સોલા પોલીસે સોલા સિવિલ હોસ્પિટલની સામેથી પિન્ટુ ઠાકોરને સટ્ટો રમતા ઝડપી પાડ્યો હતો. આરોપીએ સાવન દવે પાસેથી ૧૨ હજારમાં આઈડી લીધું હોવાનું સામે આવતા હવે પોલીસે આઈડી આપનાર લોકોને શોધખોળ હાથ ધરી છે.

## જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનનાં ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨


જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં છેલ્લા ૪ વર્ષથી પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા પોલીસને સફળતા મળી છે. પિયુષ ઉર્ફે પીલો બચુભાઈ ગરેજા રહે. શાપુર ગરબી ચોક પાસે, તા. માંગરોળવાળો સુલતાનપુર પાટીયા, માંગરોળ-કેશોદ હાઈવે રોડ પર ઉભો હોવાની બાતમીનાં આધારે એલસીબીનાં પીઆઈ જે.જે. પટેલનાં માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા વોચ ગોઠવી અને તપાસ કરતા ઉપરોકત શખ્સ મળી આવ્યો હતો. જેની અટક કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સોમનાથ મહાદેવને હોળીના સપરમાં પર્વમાં ધજા ચઢાવશે ભીક્ષાવૃતિ કરતો દિવ્યાંગ સાધુ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર પાસે ભીક્ષાવૃતિ કરતા દક્ષીણા-દાન કે ભીક્ષા મેળવતા અપંગ-દિવ્યાંગ સાધુ ગોપાલગીરી હરીગીરી (ઉ.વ.૭૫) તેઓને મળેલી દાન-ભીક્ષાની રકમમાંથી સોમનાથ ધજા ચઢાવવાની રકમ રૂપીયા ૧૧૦૦૦ ભરી દીધેલ છે. જેઓ તારીખ ૧૩ માર્ચ સવારના સાડા દસ વાગ્યે સોમનાથ મંદિરે ધજા ચઢાવશે. તેઓને માત્ર એક જ પગ છે બીજો પગ અડધો લોખંડના સળીયાથી સારવાર થયેલો છે અને માત્રને માત્ર લાકડાની કાંખ ઘોડીથી જ ચાલી શકે છે. કોઈ પાસે પરાણે ભીક્ષા માંગતા નથી તેઓની સોમનાથ મંદિરે આ બીજી ધજા ચઢશે.



# યાત્રાધામ દ્વારકામાં તહેવાર ટાણે રસ્તોબંધ કરવાની પોલીસ તંત્રની મનમાની વેપારીઓ પાસે ન ફાવી

**પૂર્વ દરવાજાથી જોધાભા ચોક તરફ જવાનો રસ્તો બેરીગેટ મુકી ચાલીને જતા લોકો માટે બંધ કરાયો હતો : ૧૦૦ જેટલા વેપારીઓએ દુકાનો બંધ કરી રસ્તા ઉપર રામધુન બોલાવી હતી : સોશ્યલ મિડીયામાં અહેવાલ વહેતા થતા તંત્રએ રસ્તો ખોલવો પડ્યો**




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૧

યાત્રાધામ દ્વારકામાં હોળી ફુલડોલના તહેવાર ટાણે પોલીસ તંત્રની મનમાનીના કારણે ૧૦૦ જેટલા વેપારીઓએ પોતાની દુકાનો ધંધારોજગાર બંધ કરી રોડ ઉપર રામધુન બોલાવાની ફરજ પડી હતી. દ્વારકા જગત મંદિર પુર્વ દરવાજા તરફથી જોધાભા માણેક ચોક તરફ ચાલીને જવા આવવા માટેના રસ્તા ઉપર પોલીસ તંત્રએ બેરીગેટ મુકી રસ્તો બંધ કરી નખાતા ત્યાના વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો હતો. ત્યાના વેપારીઓએ એકસંપ થઈ તંત્રની મનમાની હોવાથી પોતાની દુકાનો ધડાધડ બંધ કરી દેવાઈ હતી.

એટલું જ નહી પોતાના બંધારોજગાર બંધ કરી રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને રામધુન બોલાવી હતી. તે અહેવાલો શોશ્યલ મિડીયામાં વહેતા થતા પડઘા પડ્યા હતા.

પોલીસ તંત્રની મનમાન ન ચાલી અને વેપારીઓની માંગ સ્વીકારી આખરે ત્યાં બેરીગેટ હટાવી રસ્તો ખોલ્વો પડ્યો હતો.

## જૂનાગઢ મહાનગરના નવનિયુક્ત પ્રમુખ અને પદાધિકારીઓ ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાતે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ગુજરાતમાં હાલમાં જ સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ ગઈ છે અને ત્યારબાદ ગુજરાત પ્રદેશ ભાજપા એ દરેક જિલ્લા મહાનગરના સંગઠન પ્રમુખો જાહેર કર્યા છે ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકાની ચુંટણી ભાજપે સંપૂર્ણ બહુમતીથી જીતી છે ત્યારે ગાંધીનગર ખાતે પ્રદેશ સંગઠનના મહામંત્રી રત્નાકરજી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મંત્રી મુળુભાઈ બેરા, રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, હર્ષભાઈ સંઘવી, પ્રફુલભાઈ પાનસેરિયા, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, કિરીટસિહ રાણા, યોગ બોર્ડના ચેરમેન શિશુપાલજી સાથે જૂનાગઢ મહાનગરના નવનિયુક્ત પ્રમુખ ગૌરવ રૂપારેલિયા,નવનિયુક્ત મેયર ધર્મેશ પોશિયા, ડે. મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા મનન અભાણી તથા દંડક કલ્પેશ અજવાણીએ શુભેચ્છા મુલાકાત કરી હતી તેમ મિડિયા વિભાગના સંજય પંડ્યાની યાદી જણાવે છે.

## ગુજરાતની ઝુંપડપટ્ટીમાં અનોખો પ્રયોગ ગરમીથી રક્ષણ આપશે ‘ઠંડી છત’



(અમદાવાદ બ્યુરો)

અમદાવાદ તા.૧૧

એવી આશા છે કે આ વખતે ગુજરાતની સેંકડો ઝુંપડપટ્ટીઓમાં રહેતા લોકોને ઓછી ગરમી લાગશે. એક અનોખા પ્રયોગ અંતર્ગત ઝુંપડપટ્ટીઓની છતો પર સફેદ રંગ ચડાવવામાં આવી રહ્યો છે.

આ સફેદ રંગમાં મોજૂદ ટાઈટેનિયમ ડાઈ ઓકસાઈડ જેવા ખાસ કેમીકલ સૂર્યના કિરણોને પરાવર્તિત કરી દેશે, જેથી ઝુપડી ઓછી તપશે. આ પ્રયાસ અંતર્ગત અમદાવાદના ૪૦૦ ઘરોમાં સર્વે કરવામાં આવ્યો હતો. સંશોધકોએ જોયું કે, કેવી રીતે ઘરની અંદરની ગરમી લોકોના સ્વાસ્થ્યની સાથે સાથે તેમની આર્થિક સ્થિતિને પણ બગાડી નાંખે છે. સ્વિટઝર્લેન્ડની હઈડલબર્ગ યુનિવર્સિટીની મહામારી વિશેષજ્ઞ અદિતી બંકરે જણાવ્યું હતું કે, હવે ઘરની અંદર લોકો ગરમી સહન કરી રહ્યા છે. ભારતમાં જલવાયુ પરિવર્તનની અસર ગરમીની ઋતુમાં જોવા મળી રહી છે. જયારે તાપમાન ૪૬ ડિગ્રી સુધી કે તેથી વધુ થઈ જાય છે.

## ૬ માસ પહેલા ખોવાઈ ગયેલ મોબાઈલ વંથલી પોલીસે શોધી મુળ માલિકને પરત કર્યો



જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા પ્રવિણભાઈ ચૌહાણનો મોબાઈલ આજ થી ૬ મહિના પહેલા પ્રવીણભાઈ બસમાં મુસાફરી કરી રહેલા હતા ત્યારે વંથલી બસ સ્ટેશન ખાતેથી કિંમતી મોબાઈલ ચોરાઈ ગયો હતો બાદમાં પ્રવીણભાઈએ વંથલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ. વંથલી પોલીસની પ્રશંસનીય કામગીરીથી મળી જતા કિંમતી મોબાઈલ પ્રવીણભાઈને બોલાવીને પરત કરવામાં આવ્યો હતો. વંથલી પોલીસની સારી કામગીરીને કારણે મોબાઈલ પરત મળતા પ્રવીણભાઈએ વંથલી પોલીસ સ્ટાફનો આભાર માન્યો હતો.

# જૂનાગઢનાં પોલીસમેનને ચેક રીટર્નનાં ફોજદારી કેસમાં સજા ફટકારતી કોર્ટ

**આરોપી વિરૂધ્ધ ધરપકડનું વોરન્ટ બજાવવા જૂનાગઢ એસપીને**

જૂનાગઢ તા. ૧૨

કાયદાનું પાલન કરાવનારને ન્યાયનું શાસન પહોંચાડવા જૂનાગઢ કોર્ટનાં એડી. ચીફ જયુ. મેજી. એસ.એ. પઠાણે જૂનાગઢ પોલીસ ખાતામાં ફરજ બજાવતાં દિપકભાઈ ભવાનીશંકર વેગડાને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનાં ફોજદારી ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા. ૮,૮૦,૦૦૦ના દંડની શિક્ષા ફરમાવી હતી.

આ કેસની વિગત એવી છે કે જૂનાગઢનાં રહીશ મહીપાલસીંહ નાજભાઈ બસીયા પાસેથી આરોપી દિપકભાઈ વેગડાએ પોતાની અંગત જરૂરીયાત માટે રૂા. ૮,૮૦,૦૦૦ની માંગણી કરતા, ફરીયાદી મહીપાલસીંહ બસીયાએ પોતાની બેંક દ્વારા આ રકમ આપેલ હતી. આ રકમ પરત આપવા પોલીસમેન દિપકભાઈ વેગડાએ ફરીયાદીને રૂા. ૮,૮૦,૦૦૦નો ચેક આપેલ. આ ચેક વણચુકવ્યો પરત થતા આરોપી વિરૂધ્ધ જરૂરી કાર્યવાહી કરી કોર્ટમાં કેસ દાખલ કરેલ હતો. આ કેસની કાર્યવાહી ચાલતા દરમ્યાન કોર્ટ સમક્ષ પોતે રકમ ચુકવવા અને સમાધાન કરવા તૈયાર હોવાનું દર્શાવી મુદતો માંગેલ. ઘણો લાંબો સમય કોર્ટમાં મુદતોમાં ગેરહાજર રહી કોર્ટની પ્રોસેસ બજવા દીધેલ નહી. ન્યાયને વિલંબમાં નાખવા ઘણા પ્રયત્નો કર્યા બાદ આરોપી વિરૂધ્ધ જજશ્રી પઠાણે આરોપી વિરૂધ્ધનાં પુરાવાઓ તથા ફરીયાદીના વકીલ ઉદય ડી. રૂપારેલીયા, પંકજ આર. ગેવરીયા તથા ડી.ડી. રૂપારેલીયાની રજુઆતો તથા દલીલો સાંભળી આરોપી પોલીસમેન દિપકભાઈ વેગડાને ૧ વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૮,૮૦,૦૦૦નો દંડનો રુકમ કરેલ. કોર્ટનાં હુકમની અમલવારી પોતે ઉપલી અદાલતમાં અપીલ કરેલ ન હોય, કોર્ટ દ્વારા આરોપીની ધરપકડ કરવા કોર્ટ દ્વારા વોરન્ટ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે. આજદિન સુધી આરોપીની ધરપકડ થયેલ નથી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન મહાત્મા ગાંધી કોલેજ ઓફ નર્સીંગ ખાતે લેમ્પ લાઈટીંગ અને ઓથ સેરેમની કાર્યક્રમ યોજાયો

**નર્સિંગ વિદ્યાર્થીઓને દીવો અથવા મીણબત્તી આપવામાં આવે છે, જે જ્ઞાનના પ્રકાશનું પ્રતીક છે અને તેઓ તેમના દર્દીઓને જે માર્ગદર્શન આપશે દીવો અથવા મીણબત્તીનો પ્રકાશ એક પેઢીથી બીજી પેઢી સુધી નર્સિંગ ટોર્ચના પસાર થવાનું પ્રતિનિધિત્વ કરે છે.- ડો.મયંક સોની, રજીસ્ટ્રાર**







જૂનાગઢ, તા.૧૧

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી એફિલેટેડ મહાત્મા ગાંધી કોલેજ ઓફ નર્સિંગ જુનાગઢ દ્વારા એ.એન.એમ, જી.એન.એમ તથા બી.એસસી નર્સિંગમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારવાનો, તેમજ એ.એન.એમ તથા બી.એસસી નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કરી વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓને વિદાય આપવા સાથે લેમ્પ લાઈટિંગઅને ઓથ ટેકિંગ સેરેમની ત્રિવિધ કાર્યક્રમ જૂનાગઢના મેયર ધર્મેશભાઈ પોશિયાની અધ્યક્ષતામાં યોજાયો હતો, આ પ્રસંગે મેંદરડા સ્થિત ખાખીમઢીના મહંત સુખરામ બાપુ વિશેષ ઊપસ્થિત રહી નર્સિંગ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લોક સુખાકારી માટે તેમની ફરજ સારી રીતે નિભાવી શકે તે માટે આશીર્વાદ પાઠવી જણાવ્યુ હતુ કે આજનો અવસર નર્સિંગ વિદ્યાર્થીઓના જીવનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. કારણ કે તેઓએ સમાજની સેવા કરવા માટે અત્યંત સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે વચન આપે છે. શપથવિધિ એક રૂઢિગત પ્રથા છે જે નર્સિંગ વ્યવસાયમાં જવાબદારી, નૈતિકતા અને મૂલ્યોની ભાવના જગાડે છે. દિપ પ્રજ્વલન એ વિદ્યાર્થીઓના મન અને આત્માના જ્ઞાનને દર્શાવે છે, જે દર્દીઓની કરુણા અને સહાનુભૂતિ સાથે સેવા કરવામાં મદદ કરે છે.

ઉપસ્થિત મહાનુભાવોએ આધુનિક ડિઝીટલ યુગની ઉપલબ્ધી મુજબ રીમોટથી મહાત્મા ગાંધી કોલેજો ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓનાં હાથમાં દિપ પ્રજ્વલીત કર્યા હતા. આ તકે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. મયંક સોનીએ વિદ્યાર્થીઓને ફ્લોરેન્સ નાઈટીંગેલ સંકલ્પનું પઠન અને દરેક વિદ્યાર્થીના યુનિફોર્મ પર નર્સિંગ પિન લગાવી જણાવ્યુ હતુ કે નર્સિંગના ઉમદા વ્યવસાયમાં આજથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. એફીલેટેડ મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગનાં છાત્રોની સફર શરૂ થઈ રહી છે. આવા કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓની સમાજ પ્રત્યે જવાબદારી અને સમર્પણની ભાવના પેદા કરે છે.શપથ ગ્રહણ એ નર્સિંગ શિક્ષણમાં એક મહત્વપૂર્ણ પરંપરા છે જે નર્સિંગ વ્યવસાયમાં કેન્દ્રિય એવા વ્યાવસાયિક અને નૈતિક ધોરણો પર ભાર મૂકે છે.નર્સિંગ વિદ્યાર્થીઓના હાથમાં દિપક આપવામાં આવે છે, જે જ્ઞાનના પ્રકાશનું પ્રતીક છે અને તેઓ તેમના દર્દીઓને જે માર્ગદર્શન આપશે. દીવો અથવા મીણબત્તીનો પ્રકાશ એક પેઢીથી બીજી પેઢી સુધી નર્સિંગ ટોર્ચના પસાર થવાનું પ્રતિનિધિત્વ કરે છે.

નર્સિંગ કોલેજનાં પ્રમુખશ્રી અને ત્રિમૂર્તિ હોસ્પિટલના ચેરમેન ડો.ડી.પી ચિખલિયાએ કાર્યક્રમના પ્રારંભે મહેમાનોને શબ્દ સૂમનથીઆવકારી સંસ્થાનો પરિચય આપી વિદાયમાન સ્ટુડન્ટને આશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે આધુનિક નર્સિંગનાં સ્થાપક અને જીવનભર એક નાનકડા ફાનસ સાથે દર્દીઓની સેવા સુશ્રુસા કરી અત્યારનાં આધુનિક નર્સિંગ સેવાઓને એક નવો રાહ ચિંધનાર ફ્લોરેન્સ નાઈટીંગલને તબીબી જગત દ્વારા આદરપૂર્વક યાદ કરી અને સાચા અર્થમાં અંજલી અર્પણ કરવાનો અવસર એટલે લેમ્પ લાઈટીંગ અને ઓથ ટેકીંગ સેરેમની અંતર્ગત આજેતબીબી ક્ષેત્રે નર્સિંગ નો અભ્યાસ કરી લોક સુખાકારી માટે જ્યારે આ કોલેજના વિદ્યાર્થીઓ વિવિધ હોસ્પિટલોમાં પોતાનું પ્રદાન આપવા જઈ રહ્યા છે ત્યારે તેઓ વધુ સારી રીતે લોકસેવા કરે અને આ કોલેજનું નામ ઉજ્જવળ કરે એવા હું આશીર્વાદ પાઠવું છું,

લેમ્પ લાઈટિંગ એન્ડ સેરેમની કાર્યક્રમ દરમિયાન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં નવનિયુક્ત એક્ઝુક્યુટીવ કાઉન્સીલ મેમ્બર રાજુભાઈ વાડોદરિયા, ડો દિનેશકુમાર દઢાણીયા, ડો દિનાબેન લોઢિયા તેમજ મહાશિવરાત્રીના મેળામાં ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા ભાવિકોના આરોગ્ય માટે અવિરત ચિકિત્સા સેવા કરનાર તબીબો અને આરોગ્ય કર્મીઓનું ડો. દેવરાજભાઈ ચિખલીયા અને નર્સિંગ કોલેજ દ્વારા મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા. આ તકે ત્રિમુર્તિ હોસ્પીટલ દ્વારા મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, ખડી સમિતીનાં અધ્યક્ષ સુશ્રી પલ્લવીબેન ઠાકર, નાયબ મેયર આકાશ કટારા, સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું શાલ-મોમેન્ટો અર્પણ કરીને સત્કાર,સન્માન કરવામાં આવ્યું હતું.મહાત્મા ગાંધી કોલેજ ઓફ નર્સિંગની વિદ્યાર્થીની મણવર દર્શનાએ ગણેશ સ્તુતી રજુ કરી હતી.એ.એન.એમ. દ્વિતિય વર્ષનાં વિદ્યાર્થીનીઓએ ગોપી નૃત્ય અને યોગેશભાઈ અને ટીમ દ્વારા મણીયારો રાસ રજુ કરી ઉપસ્થિતોનાં મન મોહી લીધા હતા.સામતપરા ગામની ધો-૭માં અભ્યાસ કરતીનાનકડી દીકરીનાકરાણી જાનાએ ગ્રામિણ લોકસંસ્કૃતિની તળપદ શૈલીમાં લોકગીત દ્વારા આમંત્રીત મહાનુભાવોને આવકારી ગ્રામીણ કલ્ચરનો પરિચય આપી પોતાની કલા પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે પૂર્વ મેયર સુશ્રી આધ્યાશક્તિબેન મજમુદાર, એડવોકેટ જે.ડી દેવાણી તેમજ આચાર્ય સંઘના પ્રમુખ જીતુભાઈ ખુમાણે નર્સિંગ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સેવા પરાયણતાને બિરદાવી ઉજવળ કારકિર્દીની શુભકામના પાઠવી હતી. મહાનુભાવોએ ગોલ્ડ મેડલિસ્ટ ક્રિશ્યીયન હેઈસિલ હેન્વી, સિલ્વર મેડલિસ્ટ ગોસાઈ પ્રાંજલ અતુલભારતી તેમજ જાદવ પરિમલ કાંતિભાઈના સન્માન કર્યા હતા. આ પ્રસંગે પી.જી.વી.સી.એલનાં પુર્વ ચિફ ઈજનેર પંકજ માવાણી, જિલ્લા શિક્ષણ સમિતીનાં ચેરમેન સાકરબેન દિવરાણીયા, અગ્રણી બિલ્ડર વિવેક ગોહેલ, કોર્પોરેટર સંજયભાઈ ધોરાજીયા, સહિત કોર્પોરેટરો,ગોપાલ વાગડીયા, પ્રકાશ ભંગડીયા, બાઘુભાઈ ડોબરીયા, અશ્વિન પટેલ સહિત મહાનુભાવોઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા અમુભાઈ પોંકીયા મેનેજીંગ ટ્રસ્ટી ભાવનાબેન પોંકીયા અને કોલેજનાં આચાર્ય તેમજ સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. દ્રષ્ટી સોલંકીએ સંભાળ્યુ હતુ. આભાર દર્શન પ્રિન્સીપાલ સંદિપકુમાર ચૌબીસાએ કર્યુ હતુ.

# જૂનાગઢ કલેકટરના અધ્યક્ષસ્થાને પીસી એન્ડ પીએનડીટી એક્ટની સમીક્ષા બેઠક યોજાઈ




જૂનાગઢ, તા.૧૧

તારીખ ૧૦ માર્ચના રોજ જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીના પ્રતિનિધિ, સી.ડી.એચ.ઓ.ની હાજરીમાં અને ચેરમેન એડવાઈઝરી કમિટી, સભ્યો અને અધિકારીઓ સાથે પીસી એન્ડ પીએનડીટી એક્ટની એડવાઈઝરી કમિટીની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લામાં કુલ ૨૨૩ હોસ્પિટલો નોંધણી થયેલ છે જે પૈકી ૧૧૮ કાર્યરત છે. જૂનાગઢ જિલ્લાનો વર્ષ ૨૦૨૪ નો જન્મ સમય જાતિ પ્રમાણદર ૯૬૯ જેટલો છે, જેની આજની બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત નોંધણી થયેલ હોસ્પિટલોમાં નિયમ- ૧૩ હેઠળ સોનોગ્રાફી મશીન અને વિઝીટીંગ ડોક્ટરોમાં થયેલ ફેરફાર તેમજ અન્ય મુદ્દાઓ ઉપર કમિટીમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને તેમાં જિલ્લા કલેક્ટરે જરૂરી સૂચના આપી હતી. ઉક્ત સમીક્ષા બેઠકમાં સમિતિના તમામ સદસ્યો હાજર રહ્યા હતા.

# ખંભાળિયા: નયારા એનર્જી લઘુમતી શેરધારકોને બાય-બેકની ઓફર કરશે, શેરદીઠ રૂા. ૭૩૧ના ભાવે બાયબેક કરશે

(પ્રતિનિધિ દ્વારા)




જામ ખંભાળિયા, તા. ૧૧

ખંભાળિયા નજીક આવેલી આંતરરાષ્ટ્રીય કદની નવા યુગની ડાઉનસ્ટ્રીમ કંપની નયારા એનર્જી લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે લઘુમતી શેરધારકોને બહાર નીકળવાની તક પૂરી પાડવાના હેતુ સાથે શેરદીઠ રૂ. ૭૩૧ના ભાવે ૨,૫૯,૦૮,૨૬૨ શેર્સના બાયબેક માટે તેના લઘુમતી શેરધારકોને ઓફર કરવાનું ૩ માર્ચ, ૨૦૨૫ના રોજ નક્કી કર્યું છે.

નયારા એનર્જી લિમિટેડના ઈક્વિટી શેર્સ અગાઉ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટેડ હતા. ઈક્વિટી શેર્સ સેબી (ડિલિસ્ટિંગ ઓફ ઈક્વિટી શેર્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની સુસંગતપણે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ની અસરથી બંને શેરબજારો પરથી સ્વૈચ્છિકપણે ડિલિસ્ટ કરવામાં આવ્યા હતા. ડિલિસ્ટિંગની પ્રોસેસ દરમિયાન અગાઉની પ્રમોટર કંપનીએ નોન-પ્રમોટર પબ્લિક શેરહોલ્ડર્સ પાસેથી ઈક્વિટી શેર્સ હસ્તગત કર્યા હતા. આ પ્રોસેસ સ્ટોક એક્સચેન્જ પ્લેટફોર્મ પર રિવર્સ બુક બિલ્ડિંગ દ્વારા અને ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૧૬થી ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીના એક વર્ષના ગાળા માટે એક્ઝિટ ઓફર દ્વારા હાથ ધરાઈ હતી.

જોકે ડિલિસ્ટિંગ અને ત્યાર પછીની તેમને અપાયેલી એક્ઝિટ ઓફરમાં ભાગ ન લેનારા ૨ લાખથી વધુ રિટેલ શેરધારકોએ કંપનીમાં તેમના શેર્સ જાળવી રાખ્યા છે. કંપનીના ઈક્વિટી શેર્સ કોઈ સ્ટોક એક્સચેન્જીસ પર ટ્રેડ થતા નથી. એટલે લઘુમતી શેરધારકો તેમનું શેરહોલ્ડિંગ લિક્વિડેટ કે મોનિટાઈઝ કરી શકતા નથી. લઘુમતી શેરધારકો તેમને આપવામાં આવેલી એક્ઝિટની તકની વિનંતી માટે વારંવાર કંપનીનો સંપર્ક કરતા રહ્યા છે.

આથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સે લઘુમતી શેરધારકોને બાયબેકની ઓફર કરવાનો નિર્ણય લીધો છે. સ્વતંત્ર રજિસ્ટર્ડ વેલ્યુઅર દ્વારા હાથ ધરાયેલી વેલ્યુએશનની કવાયતના આધારે ઓફર શેરદીઠ રૂ. ૭૩૧ના ભાવે કરવામાં આવશે. કંપની બાયબેક પ્રોગ્રામ અને તેના લઘુમતી શેરધારકોને લેટર ઓફ ઓફર ઈશ્યૂ કરવા અંગેનું શિડ્યુલ ટૂંક સમયમાં નક્કી કરશે.

શેરધારકો નીચેના ઈ-મેલ એડ્રેસ પર શેર ટ્રાન્સફર એજન્સ્ટને રજિસ્ટ્રાર્સનો સંપર્ક કરી શકે છે. ®n.helpdesk@ in. mpms.mufg.com – કંપનીમાં તેમના શેર હોલ્ડિંગને લગતા પ્રશ્નો માટે તેમજ એક વખત બાયબેક ઓફર લોન્ચ થાય પછી સૂચિત બાયબેકને લગતા પ્રશ્નો માટે nayara.buyback2025 @in.mpms.mufg. com સંપર્ક કરી શકાશે.

# ઉના : ફાટસર શાળાનું ગૌરવ

(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૧૧



કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની જુદી જુદી શૈક્ષણિક પ્રવૃત્તિ અંતર્ગત સતત ૭ મી વખત ઈન્સ્પાયર એવોર્ડ માં ફાટસર શાળા ની પસંદગી.વર્ષ ૨૦૨૪-૨૫ માં ફાટસર શાળાની વિદ્યાર્થી તન્વી ચંદ્રકાંતભાઈ જાગાણી દ્વારા બનાવેલ કૃતિ સ્પેસ ટુરિઝમ એન્ડ સાયન્સ પસંદગી પામેલ છે. આ કૃતિ તૈયાર કરવા અને ઝોન તેમજ આગળના સ્થાને ભાગ લેવા માટે સરકાર દ્વારા ૧૦,૦૦૦ જેટલી રકમ આપવામાં આવશે.ગીરગઢડા તાલુકામાં માત્ર બે શાળા પસંદગી પામેલ છે જેમાં એક ફાટસર શાળા અને બીજી ઈંટવાયા શાળા. આ શાળા પરિવાર શૈક્ષણિક બાબતોમાં ફાટસર દરેક ક્ષેત્ર આગળ હોય આ બાબતે ગર્વ અનુભવે છે.

# રાજ્ય અને રાજ્ય બહારના ૩૦ ભાઈઓ તથા બહેનોએ રાષ્ટ્રીય ખડક ચઢાણ શિબિરની તાલીમ પૂર્ણ કરી



જૂનાગઢ, તા.૧૧

રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત, રાષ્ટ્રીય ખડક ચઢાણ શિબિર તા. ૦૧/૦૩/૨૦૨૫ થી તા.૦૭/૦૩/૨૦૨૫ દરમિયાન જુનાગઢ ખાતે યોજવામાં આવી જેમાં રાજ્ય અને રાજ્ય બહારના કુલ ૩૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરના અંતિમ દિવસના રોજ છઠ્ઠી રાષ્ટ્રીય ખડક ચઢાણ શિબિર સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ લેફટનન્ટ કર્નલ એન્ડ કમાન્ડીંગ ઓફિસર વિજય મિશ્રા, ૮ ગુજરાત બટાલીયન એન.સી.સી. જૂનાગઢ, પી એમ ખ્રિસ્તી મામલતદાર ડિઝાસ્ટર જૂનાગઢ, ક્રતુ ત્રિવેદી ડીપીઓ. ડિઝાસ્ટર જુનાગઢ, નિરત ભટ્ટ – માનદ ટ્રેઝરર, એડવેન્ચર ટુર ઓપરેટર્સ એસોશિયેશન ઓફ ઈન્ડિયા, ડૉ. પુનીલ ગજ્જર પ્રોફેસર,જુનાગઢ કૃષિ યુનિવર્સીટી,દ્વારા શીબીરાથીઓ ને પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમના અધ્યક્ષ લેફટનન્ટ કર્નલ એન્ડ કમાન્ડીંગ ઓફિસર વિજય મિશ્રાએ તાલીમાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું કે તેઓ પણ આ ફિલ્ડ સાથે સંકળાયેલ છે,તેઓના એન.સી.સી. ના બાળકો પણ આવી તાલીમ માં દર વર્ષે જોડાય છે તેમજ ડર, સંઘર્ષ અને સેકન્ડ નેચર વિશે વિગતવાર સમજણ આપી હતી. વધુમાં તેઓએ જણાવ્યું કે આવી પ્રવૃતિનું વધુ ને વધુ પ્રચાર પ્રસાર કરવાનું જણાવ્યું.

આ વર્ષે ૯૦૦ ફૂટ થી પણ વધારે મોટો ત્રીજો રૂટ ઓપન થયો હતો. આખા ભારત માં ગિરનાર એ રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય લેવલ ના પર્વતારોહકો માટે એક રોક ક્લાઈમ્બિંગ હબ બની રહેશે. ખાસ રૂટ ઓપનિંગ દરમ્યાન વન અને પર્યાવરણ સંરક્ષણ ની ખાસ કાળજી રાખવામાં આવી હતી. શાબ્દિક સ્વાગત ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન રાવલ માર્ગી એ કર્યું હતું. કલ્પેશ ચૌહાણ ભાવનગર એ શિબિર માં માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન શ્રીમતી રાજલબેન પટેલ પ્રિન્સિપાલ શ્રી સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ અને સાંઈ જીજ્ઞેશ પટેલ સહાયક નિયામક સાહસ એ પૂરું પડ્યું હતું.

# અદાણી ઈલેક્ટ્રિસિટી અને અદાણી ફાઉન્ડેશનની પહેલથી ૨૫,૦૦૦+ વિદ્યાર્થીઓનું 'ઉત્થાન'

## વંચિત સમુદાયો સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચ્યું !

(પ્રતિનિધિ દ્વારા)




અમદાવાદ, તા.૧૧

અદાણી ઈલેક્ટ્રિસિટી અને અદાણી ફાઉન્ડેશનનો પ્રોજેક્ટ 'ઉત્થાન' દેશભરના હજારો વિદ્યાર્થીઓના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી રહ્યો છે.આ પહેલ થકીવંચિત સમુદાયોનાવિદ્યાર્થીઓ સુધીગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચ્યુ છે.તાજેતરમાં મુંબઈ ખાતે આ પ્રોજેક્ટની સફળ ગાથા દર્શાવતીકોફી ટેબલ બુક લોન્ચકરવામાં આવી હતી.ઉત્થાન ઉત્સવમાં મહાપાલિકાના કમિશ્નર સહિત વિવિધ ક્ષેત્રનામહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્થાનનું લક્ષ્ય વિદ્યાર્થીઓની ક્ષમતાઓ વધારી શિક્ષણનાં પરિણામો બહેતર બનાવવાનું છે.તાજેતરમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ૨૦,૦૦૦થી વધુ સ્કોલરશિપની તૈયારીનાં પુસ્તકો ૫૫૪૧ વિદ્યાર્થીઓને પૂરાં પાડ્યાં હતા તેમજ ૧૨,૦૦૦ લાઈબ્રેરી પુસ્તકો ૮૨ શાળાઓને પૂરાં પાડ્યાં હતાં, જે ૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યાં છે. પ્રોજેક્ટ ઉત્થાનથી વિદ્યાર્થીઓની મૂળભૂત સાક્ષરતામાં સુધારો, કૌશલ્ય નિર્માણતેમજ ભણતર વધુ રૂચિકર અને સરળ બન્યુ છે.

વિદ્યાર્થીઓમાં આવેલા 'ઉત્થાન'ને કંડારતી પુસ્તિકાના વિમોચન પ્રસંગે મુંબઈમહાપાલિકાના કિમિશ્નર ભૂષણ ગગરાણી, એડિશનલ કમિશનર અમિત સૈની, ડેપ્યુટી કમિશનર (શિક્ષણ) ડો.પ્રાચી જાંભેકર, અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વસંત ગઢવી, અદાણી ઈલેક્ટ્રિસિટીના સિનિયર મેનેજમેન્ટે હાજરી આપી હતી. સમર્પિતઉત્થાન સહાયકોના સાથે આ પ્રોજેક્ટ પરિવર્તન માટે સૂત્રધાર બની ગયો છે.

ઉત્થાન પ્રેરિત ઈન્ટરએક્ટિવ શિક્ષણ પદ્ધતિ, પ્રવૃત્તિ આધારિત ભણતર અને ડિજિટલ સંસાધનો થકી વિદ્યાર્થીઓનો ભાષા અને ગણિત જેવા વિષયોમાં પણ આત્મવિશ્વાસ વધ્યો છે.તેની મુખ્ય સિદ્ધિઓમાંસાક્ષરતાઅને આંકડાકીય કુશળતામાં સુધારો, ઉચ્ચ સંતોષ, વાંચન સંસ્કૃતિનો વિકાસ, વિઝન સ્પ્રિંગ પ્રોગ્રામ થકી નિઃશુલ્ક નેત્ર તપાસ, માસિક માતા સંમેલન અને ગૃહ મુલાકાત થકી ૫૦૦થી વધુ માતાઓનીભાગીદારી વગેરેનો સમાવેશ થાય છે.તેમાં રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ-૨૦૨૦ સુસંગત તાલીમ સત્રોનું આયોજન પણ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં શિક્ષણાધિકારીઓ, અદાણી ફાઉન્ડેશનના વરિષ્ઠ વ્યવસ્થાપકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અનેસહાયકોએ પ્રાસંગિક પેનલ ચર્ચા પણ કરી હતી. કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક અને આંતરશાળા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, ચિત્રકળા અને વેસ્ટમાંથી બેસ્ટવગેરે ઉપક્રમોનોસમાવેશ થાય છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ‘ટ્રમ્પ ટેરિફ’ના પ્રભાવથી બજાર બેહાલ

સપ્ટેમ્બર ૨૦૨૪માં રેકોર્ડ ઊંચાઈ પર પહોંચનારા ભારતીય શેરબજારમાં ત્યારબાદથી ઉલ્લેખનીય ઘટાડો આવ્યો છે અને રોકાણકારોના ૮૭ લાખ કરોડ રૂપિયાથી વધારેની મૂડી ડૂબી ગઈ છે. રોકાણકારો કેટલાય પ્રકારના પડકારો સામે ઝઝૂમી રહ્યા છે. જેમાં આર્થિક અને કોર્પોરેટ આવક વૃદ્ધિમાં સુસ્તી, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનું સતત બજારમાંથી પૈસા પાછા ખેંચવા, વૈશ્વિક સ્તર પર વ્યાપક આર્થિક અનિશ્ચિતતાઓ અને ભારતીય શેરોનું ઉચ્ચ મૂલ્યાંકન સામેલ છે. તે ઉપરાંત, ‘ટ્રમ્પ ટેરિફ’નો પ્રભાવ, મજબૂત અમેરિકી ડોલર અને અન્ય બજારોની તુલનામાં અમેરિકાની સાપેક્ષ આર્થિક મજબૂતીએ પણ મંદીમાં યોગદાન આપ્યું છે. સપ્ટેમ્બર ૨૦૨૪ના ત્રિમાસિકમાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ખરાબ રહ્યો.

કમજોર થતી ઘરેલુ માંગ અને સતત પ્રતિબંધાત્મક મૌદ્રિક નીતિની સાથે સાથે સંસદીય ચૂંટણીઓને કારણે માર્ચથી જુલાઈ, ૨૦૨૪ સુધી ઓછા સરકારી ખર્ચને કારણે અર્થવ્યવસ્થાના ત્રણ સ્તંભોમાં કમજોરી જોવા મળી - વ્યક્તિગત ઉપભોગ ખર્ચ, સરકારી ખર્ચ અને ખાનગી ફર્મનો મૂડીગત ખર્ચ, તમામ પ્રભાવિત થયા. ચોથો સ્તંભ, નિકાસને પણ વૈશ્વિક આર્થિક મંદીને કારણે પડકારોનો સામનો કરવો પડ્યો. ભારતનો જીડીપી વૃદ્ધિ દર, જે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સાત ટકાથી વધારે હતો, હવે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં છ ટકાના સ્તર પર પહોંચવાની આશા છે. આ મંદીએ કોર્પોરેટ લાભપ્રદતા અને બજાર પ્રદર્શન વિશે રોકાણકારોની આશાઓ ઘટાડી દીધી છે. ભારતમાં કોર્પોરેટ આવક, જે મહામારી બાદ સારી રહી હતી, તેમાં પણ તણાવના સંકેત દેખાવા લાગ્યા છે. કાચા માલ અને ઊર્જાની વધતી કિંમતોએ નફાના અંતરને ઘટાડી દીધું છે.

આઈટી, ફાર્મા અને ટેક્સટાઈલ જેવા નિકાસોન્મુખ ક્ષેત્રોને ઓછા ઓર્ડરનો સામનો કરવો પડી રહ્યો છે. આરબીઆઈની સખત મુદ્રાનીતિએ લોનનો ખર્ચ વધારી દીધો છે. જેનાથી રિયલ એસ્ટેટ અને બેંકિંગ જેવાં ક્ષેત્ર પ્રભાવિત થયાં છે, જ્યારે એમએફઆઈ સેગમેન્ટ અને અસુરિક્ષત વ્યક્તિગત લોન તણાવના સંકેત દેખાઈ રહ્યા છે. એફએમસીજી અને ઓટોમોબાઈલ સહિત ગ્રાહક-કેન્દ્રિત ક્ષેત્રોમાં માંગમાં ઘટાડો જોવા મળ્યો છે, ખાસ કરીને શહેરી અર્થવયવસ્થામાં. આવકમાં ધીમી વૃદ્ધિને કારણે ભારતીય શેરોનું ઉચ્ચ, પ્રીમિયમ મૂલ્યાંકન હજુ ય વધારે લાગતું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીની અંતિમ ક્ષણોમાં બજારોમાં અનિશ્ચિતતા વધી ગઈ. ટ્રમ્પના સંરક્ષણવાદી, અમેરિકા પહેલાંની નિવેદનબાજીને કારણે રોકાણનો પ્રવાહ હજુ પણ વધારે સુરક્ષિત ઠેકાણાં તરફ વધી ગયો. વિદેશી સંસ્થાગત રોકાણકાર ભારતીય ઈક્વિટીમાં શુદ્ધ વિક્રેતા રહ્યા છે, જે બજારમાં ઘટાડા પાછળ કારણભૂત છે. ભારતનાં બજારોમાં ૮૫૦ અબજ ડોલરથી વધારેનું એફપીઆઈ રોકાણ છે.

અમેરિકી શેરબજારના બહેતર પ્રદર્શન, મજબૂત અમેરિકી ડોલર, અમેરિકામાં ઉચ્ચ વ્યાજ દરો અને ભારતીય અર્થવ્યવસ્થા/આવકમાં મંદીને કારણે ઓક્ટોબર ૨૦૨૪થી એફપીઆઈ દ્વારા ઝડપથી વેચવાલી કરવામાં આવી. ભારત સહિત તમામ ઉભરતાં બજારોમાં નિકાસ જોવા મળી. અમેરિકી બજારોએ ૨૦૨૩ અને ૨૦૨૪, બંને વર્ષોમાં ૨૦ ટકાથી વધારે રિટર્ન આપ્યું છે અને મજબૂત અમેરિકી અર્થવ્યવસ્થા ૨૦૨૫ અને ત્યારબાદ માટે પણ મજબૂત પૃષ્ઠભૂમિ પ્રદાન કરી રહી છે. વૈશ્વિક રોકાણકારો ઉભરતા બજારોમાંથી પૈસા કાઢીને અમેરિકી બજારો તરફ વળી રહ્યા છે. ભારતીય બજારોમાં એફપીઆઈની નિરંતર વેચવાલીએ અસ્થિરતા વધારી દીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પના વિજયી થવાની સાથે જબજારોમાં ‘ટ્રમ્પ ટ્રેડ’ની ધૂમ મચી ગઈ, જેનાથી અમેરિકામાં ફુગાવો, ડોલરમાં મજબૂતી અને ઉચ્ચ રાજકોષીય ખાધમાં વધારો થયો. આ ‘ટ્રમ્પ ટ્રેડ’ને કારણે પણ ઉભરતાં બજારો સહિત ભારતથી પણ મજબૂત નિકાસ થઈ. અમેરિકી ફેડ દ્વારા સપ્ટેમ્બરથી દરોમાં પૂરા એક ટકાના કપાત છતાં આપણે જોયું કે અમેરિકી રાજકોષમાં વૃદ્ધિ થઈ છે અને અન્ય તમામ મુદ્રાઓની કિંમતે અમેરિકી ડોલર મજબૂત થયો છે. ભારતીય રૂપિયાને મજબૂત કરવા માટે આરબઆઈએ એ અવધિમાં લગભગ ૭૦ અબજ ડોલર ખર્ચ કર્યા. તેનાથી પ્રણાલીગત તરલતા ઓર ઘટી ગઈ, જે પહેલાંથી જ સરકારી ખર્ચમાં ઘટાડાને કારણે કમજોર હતી.

અર્થવ્યવસ્થામાં મંદી અને કુલ માંગમાં ઘટાડાના સ્પષ્ટ સંકેતો છતાં રિઝર્વ બેંકે પોતાના પ્રતિબંધાત્મક વલણને યથાવત રાખ્યું. તે પરાંત રિઝર્વ બેંક દ્વારા મેક્રો પ્રુડેન્શિયલ ચુસ્તતાએ ઘરોમાં લોન પ્રવાહ સીમિત કરી દીધો, જ્યારે અન્ય ક્ષેત્રોમાં પણ સસ્તી હતી. આ તમામ કારકોએ ભારતીય શેરબજારને પ્રભાવિત કર્યા. જોકે પ્રાથમિક બજારમાં સટ્ટો ઉન્માદ ચરમ પર હતો, કારણ કે ફંડ સતત અતિ પ્રચારિત શેરોમાં રોકાણ કરી રહ્યા હતા અને સાથે જ કથિત ‘ગ્રે માર્કેટ પ્રીમિયમ’ પર આધારિત સારી ઓફર પણ આપી રહ્યા હતા, જે ત્વરિત લિસ્ટિંગનો લાભની લાલચ આપી રહ્યા હતા. નવા વર્ષમાં એફપીઆઈ નિકાસમાં ઝડપ આવી છે અને જાન્યુઆરી તથા ફેબ્રુઆરીમાં ભારતીય બજારોમાંથી ભારે માત્રામાં નિકાસ જોવા મળી. ઘરેલુ પ્રવાહે કેટલીક હદે તેનો મુકાબલો કર્યો છે, મજબૂત મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી પ્રવાહે એફપીઆઈના વેચાણને પચાવી લીધું છે. આવકમાં સુધારો, વૈશ્વિક વ્યાપક આર્થિક સ્થિરતા અને રિઝર્વ બેંક દ્વારા સંભવિત દરોમાં કપાત પર જ ભવિષ્યમાં બજારમાં સુધારો નિર્ભર કરશે.

જોકે ભારત આકર્ષક દીર્ઘકાલીન રોકાણનું સ્થળ બનેલં છે, પરંતુ વૈશ્વિક અને ઘરેલુ પડકારોને કારણે નજીકની અવધિમાં બજારમાં અસ્થિરતા બની રહેવાની આશંકા છે. જોકે આશાના સંકેત પણ છે. રિઝર્વ બેંકે દરોમાં કપાત કરી છે, બજારોમાં રોકડ નાખી છે અને પોતાના બહુ જ પ્રતિબંધાત્મક મેક્રો પ્રુડેન્શિયલ ક્રેડિટ નીતિ ઉપાયોને આસાન કર્યા છે. સરકારે બજેટમાં રાજકોષીય વિવેક જાળવી રાખતાં મધ્યમ વર્ગને એક લાખ કરોડ રૂપિયાની કર રાહતો આપી છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન સરકારી ખર્ચે ગતિ પકડી છે અને તેનાથી અર્થવયવસ્થાએ પુનર્જીવિત કરવામાં મદદ મળશે. જોકે ટ્રમ્પના ટેરિફથી લઈને મજબૂત અમેરિકી ડોલર સુધી વૈશ્વિક પડકારો ઊભા જ છે, છતાં પણ રોકાણકારોએ ભારતય બજારમાં દીર્ઘકાલીન રોકાણ ચાલુ રાખવું જોઈએ. સપ્ટેમ્બર ૨૦૨૫થી આર્થિક સુધારમાં ઝડપ આવશે અને આપણે કોર્પોરેટ આવકમાં પણ સુધાર દેખાશે. શેરબજારમાં રોકાણ દ્વારા દીર્ઘકાલીન ચક્રવૃદ્ધિ રોકાણ સફળતાનો સૌથી સરળ નુસ્ખો છે. ભારત તેના માટે એક મજબૂત પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

### શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન દ્વારા

# ભારતીય જનતા પાર્ટીનાં રાજકોટ શહેર પ્રમુખ તરીકે ડો. માધવ દવેની નિમણૂંક થવા બદલ સન્માન કરાયું



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૧


ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટના એડવોકેટ ડો. માધવ દવેની રાજકોટ શહેર ભાજપ પ્રમુખની તાજેતરમાં જ નિમણુંક થઈ છે. શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા કરૂણા ફાઉન્ડેશનનાં વરિષ્ઠ સભ્ય અનેકવિધ સેવાકિય, સાંસ્કૃતિક, સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા પ્રખર જીવદયાપ્રેમી ગૌસેવક એડવોકેટ ડો. માધવ દવેની ભારત જનતા પાર્ટીના શહેર પ્રમુખ તરીકે નિમણુંક થવા બદલ અભિવાદન અને ગૌપૂજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિખ્યાત હાસ્ય કલાકાર જય છનીયારાએ ઉપસ્થિત મહેમાનોને હાસ્યરસ પીરસ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં જય મુરલીધર ફાર્મનાં વિરાભાઈ હુંબલનો સહયોગ પ્રાપ્ત થયો હતો.


અત્રે ઉલ્લેખનીય છે કે, એ લ . એ લ . એ મ ., એમ.જે.એમ.સી., એમ.બી.એ, પી.એચ.ડી.ની ડિગ્રીઓ ધરાવતા વરિષ્ઠ એડવોકેટ ડો. માધવ દવે શિશુ અવસ્થાથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર તરીકે સામાજીક જીવનમાં યોગદાન આપીને, ૧૯૯૭ની સાલથી જાહેર જીવનમાં સક્રિય રહીને, અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદમાં વિદ્યાર્થીઓના પ્રશ્ને જાગૃત રહીને તેમાં પણ પ્રદેશ સુધીની જવાબદારી, ભારતીય જનતા પાર્ટીના હયુમન રાઈટસ સેલ પ્રદેશ કન્વીનર અને રાજકોટ શહેર ભાજપના મંત્રી, ભાજપ લીગલ સેલ, ભાજપ ચૂંટણી સેલ, ગુજરાત પ્રદેશ ભાજપમાં આર્થીક સેલના પ્રદેશ સંયોજક તેમજ એનીમલ હેલ્પલાઈન— શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, સેતુબંધ ફાઉન્ડેશન, અભિનવ સોશ્યલ ગ્રુપ, વિવેકાનંદ યુથ કલબ સહિતની અનેકો સેવા સંસ્થાઓ સાથે માધવભાઈ તન, મન, ધનથી સંકળાયેલા છે. રાજકોટ નાગરીક સહકારી બેંકમાં પણ ડાયરેકટર તરીકે સેવા આપે છે. ઉપરાંતમાં પોલીસ સલાહકાર સમિતિના સભ્ય, પંચનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના કાર્યકર્તા, પ્રાણી અત્યાચાર નિવારણ સમિતીના ટ્રસ્ટી, રાજકોટ સમસ્ત બ્રહમસમાજના કારોબારી સદસ્ય વિગેરે જવાબદારીઓ સુપેરે નિભાવી છે.

એડવોકેટ ડો. માધવ દવેનાં અભિવાદન પ્રસંગે પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ પટેલ, ચંદુભાઈ હુંબલ, દિલીપભાઈ લાડાણી, જીતુભાઈ મનસુખભાઈ સાવલિયા, મનીષભાઈ ભટ્ટ, આનંદ અમૃતિયા, તુષારભાઈ મહેતા ચંદ્રેશભાઈ પટેલ, રાજુભાઈ બાલક, આશિષભાઈ ભૂતા, શેતૂરભાઈ દેસાઈ, ચેતનભાઈ મોરી, બટુકભાઈ ધ્રાંગા, બહાદુરભાઈ બરાડીયા, કાથડભાઈ સેગલીયા, રાવતભાઈ હુંબલ, નીપુલભાઈ ડઢાણીયા, અશ્વિનભાઈ વિઠ્ઠલાણી પરિવાર, વિરલભાઈ રાવલ, અમિતભાઈ દેસાઈ સહિતના શ્રેષ્ઠીઓનું સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિતલ ખેતાણીએ કર્યુ હતું, સૌને શબ્દોથી આવકાર રમેશભાઈ ઠકકરે આપ્યો હતો, પ્રાસંગીક પ્રવચન કરતા એડવોકેટ ડો. માધવ દવેએ સન્માન બદલ ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે, જીવદયા, ગૌસેવા, માનવતાની કોઈપણ પ્રવૃતિમાં હરહંમેશ હું ખડેપગે રહીશ. મંચ કાર્યક્રમની આભારવિધી વિરાભાઈ હુંબલે કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન રાજકોટના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ધીરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ગૌરાંગભાઈ રમેશભાઈ ઠકકર, પારસતભાઈ ભરતભાઈ મહેતા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

# મુંબઈ અને દિલ્હીમાં ભવ્ય સફળતા બાદ, રાજાધિરાજ લવ, લાઈફ, લીલા – હવે દુબઈને મંત્રમુગ્ધ કરશે





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧

મુંબઈ અને દિલ્હીમાં ૩૭ અવિસ્મરણીય હાઉસફૂલ પ્રયોગ બાદ ભગવાન શ્રી કૃષ્ણના જીવન પર આધારિત વિશ્વની પ્રથમ સંગીત મહાનાટિકા, રાજાધિરાજઃ લવ, લાઈફ, લીલા હવે દુબઈમાં ૧૩ મી થી ૧૬ મી માર્ચ સુધી આઈકોનિક દુબઈ ઓપેરા ખાતે દર્શકોને મંત્રમુગ્ધ કરશે.

ધનરાજભાઈ નથવાણી દ્વારા સંકલ્પના કરાયેલી અને મૂર્તિમંત સ્વરૂપ અપાયેલી રાજાધિરાજ ભારતની સૌપ્રથમ બ્રોડવે-શૈલીની સંગીત મહાનાટિકા છે, જેણે ભારતીય રંગમંચના સ્વરૂપમાં આમૂલ પરિવર્તન લાવી તેને ભવ્યાતિભવ્ય બનાવ્યું છે. આ ગેમ-ચેન્જિંગ પ્રોડક્શન થકી ભગવાન શ્રી કૃષ્ણની દિવ્યતા અને સોહામણાપણાનું અતુલ્ય શૈલીમાં કલાકારો દ્વારા મંચ પરથી સ્વમુખે ગવાયેલા ગીતો દ્વારા રોમાંચક નાટ્ય નિરૂપણ કરાયું છે."

આ સંગીત મહાનાટિકાના મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના (એન.એમ.એ.સી.સી.) ગ્રાન્ડ થિએટર તેમજ દિલ્હીના જવાહરલાલ નેહરૂ ઈન્ડોર ઓડિટોરિયમ ખાતેના પ્રયોગોમાં હકડેઠઠ દર્શકો ઉમટી પડ્યા હતા અને ઉપસ્થિત રહેલા સેલિબ્રિટીથી માંડીને સામાન્ય પ્રેક્ષકો તરફથી તેના મોંફાટ વખાણ કરાયા હતા. આના થકી જ તેને એક સાંસ્કૃતિક મહાપ્રસ્તુતિનું બિરૂદ મળ્યું, જેણે આબાલવૃદ્ધ સૌકોઈને મંત્રમુગ્ધ કરીને ભારતના થિએટર ઈતિહાસમાં તેની અમીટ છાપ છોડી હતી. ભારતીય રંગભૂમિના પરિપ્રેક્ષ્યમાં, આજદિન સુધી શ્રી કૃષ્ણના જીવનને આટલા વિશાળ ફલક પર અને ગહન ભાવના દર્શાવી શકે તેવું કોઈ સર્જન થયું જ નથી.

આ સંગીત મહાનાટિકાની ભવ્યતાની અનુભૂતિ માટે દર્શકોને આમંત્રિત કરતા ધનરાજભાઈ નથવાણીએ જણાવ્યું હતું કે, “અમારા માટે ‘રાજાધિરાજઃ લવ લાઈફ લીલા’નું સર્જન કરવું એ ભક્તિ અને અંતરતમ લાગણીની સફર રહી છે. મારું તો દૃઢપણે માનવું છે કે, તમામ પેઢીના દર્શકોને એકતાંતણે જોડવા હોય તો સંગીત જ શ્રેષ્ઠ ઉપાય છે અને આ સંગીત મહાનાટિકા દ્વારા અમારો ઉદ્દેશ સાહસ, વિચક્ષણતા અને પ્રેમના વૈશ્વિક મૂલ્યોનો પ્રચાર-પ્રસાર કરવાનો રહ્યો છે. રાજાધિરાજ એક એવી કથા છે જે ભગવાન શ્રી કૃષ્ણના ત્રણ સ્વરૂપોને દર્શાવે છે, જેમાં સૌથી પહેલું છે રમતિયાળ બાળસ્વરૂપ, બીજું છે રાજાધિરાજ દ્વારકાધીશ અને ત્રીજું છે દયાસાગર શ્રીનાથજીનું સ્વરૂપ. અગાઉ કદી જોવા મળ્યું ન હોય તેવા સ્વરૂપમાં આ અનંતકાલીન કથાઓની પ્રસ્તુતિ કરતા હું રોમાંચ અનુભવું છું, કારણ કે તેનાથી પ્રેક્ષકોને એક અવિસ્મરણીય યાત્રાની અનુભૂતિ થાય છે.’’ તેમણે ઉમેર્યું હતું કે, “અમે રાજાધિરાજ- ધ મ્યુઝિકલને દુબઈ લઈ જઈ રહ્યા છીએ ત્યારે ભગવાન શ્રી કૃષ્ણના પ્રેમ અને વિચક્ષણતાના સંદેશને વૈશ્વિક પ્રેક્ષકગણ સમક્ષ રજૂ કરવાનો અમને રોમાંચ છે, જેના થકી આ અતુલ્ય કથાને વૈશ્વિક મંચ પર પ્રસ્તુત કરવાની અમારી યાત્રામાં અમે એક મોટું સીમાચિહ્ન પાર કર્યું છે.’’

આ સંગીત મહાનાટિકાનું નિર્માણ ભવ્યાતિભવ્ય સ્તરે કરાયું છે, જેમાં ૨૦ મૌલિક ગીતો, ૧૮૦ થી વધુ કલાકારો અને ૬૦ થી વધુ નર્તકો સામેલ છે. આ પ્રસ્તુતિમાં ઉડીને આંખે વળગે તેવી પ્રોડક્શન ડિઝાઈન, મંત્રમુગ્ધ કરી દેનારી કોરિયોગ્રાફી, અને ૧,૮૦૦ ખાસ તૈયાર કરાયેલી ઉચ્ચકોટિની વેશભૂષા સહિતની દરેક વિશેષતાઓ રસતરબોળ કરી દેનારી અનુભૂતિનું સર્જન કરે છે.

રાજાધિરાજ શ્રેષ્ઠતમ કથા પ્રસ્તુતિ, સંગીત અને નાટ્યનો સંગમ છે. પદ્મશ્રી પ્રસૂન જોશી દ્વારા લિખિત, આ સંગીત મહાનાટિકાનું દિગ્દર્શન શ્રુતિ શર્માએ કર્યું છે અને તેમાં સંગીતની સુરાવલીઓ સચિન-જીગરની બેલડીએ રેલાવી છે. આ સંગીત મહાનાટિકાની કોરિયોગ્રાફી બર્ટવિન ડિ’સોઝા અને શમ્પા ગોપીક્રિશ્નાએ કરી છે. જ્યારે ઓમંગ કુમારની શ્વાસ થંભાવી દેનારી સેટ ડિઝાઈને પ્રોડક્શનના સ્તરને ઉન્નત કર્યું છે અને પાર્થિવ ગોહિલ તથા વિરલ રાચ્છે ક્રિએટિવ પ્રોડ્યુસર તરીકે કામગીરી અદા કરી છે. આ ટીમને રામ મોરીના સચોટ કથા સંશોધન તેમજ નીતા લુલ્લાની ભવ્ય કોસ્ચ્યુમ ડિઝાઈન દ્વારા પ્રેરકબળ પ્રાપ્ત થયું છે. અદ્દભુત કથાવર્ણન, ચકાચૌંધ કરી દેનારાં દશ્યો અને આત્માના તારને ઝણઝણાવી દેતા જીવંત સંગીત થકી એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર ભૂમિ નથવાણી એક અવિસ્મરણીય રંગભૂમિની અનુભૂતિ કરાવે છે.

ભગવાન શ્રી કૃષ્ણના દિવ્ય સ્વરૂપની પ્રસ્તુતિ કરતી આ સંગીત મહાનાટિકા, રાજાધિરાજઃ લવ, લાઈફ, લીલા દ્વારા દર્શકગણને છેક સુધી જકડી રાખશે તે નિશ્ચિત છે. શો માટેની ટિકિટ્સ **dubaiopera.com** અને **Platinumlist** ઉપર હવે ઉપલબ્ધ છે.

# જીલ્લા કક્ષાની યંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન માર્ગદર્શન શિબિરનું સફળ આયોજન





જૂનાગઢ, તા.૧૧

યુવા ખેલાડીઓના ઉન્નતિ માટે આજે સરદાર પટેલ રમત સંકુલ, જુનાગઢ ખાતે જિલ્લા કક્ષાની યંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન માર્ગદર્શન શિબિર નું આયોજન કરવામાં આવ્યું. જિલ્લા રમત વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી આ શિબિરમાં જૂનાગઢ ગ્રામ્ય અને મહાનગરપાલિકા કક્ષાએથી અંદાજે ૧૦૦ થી વધુ વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન **DLSS** યોજના વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. તેમજ સરકાર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રમતગમત ક્ષેત્રે આપવામાં આવતા વિવિધ લાભો અને સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાંઆવી. વાલીશ્રીઓનેતેમના બાળકો માટે રમત ક્ષેત્રે ઉપલબ્ધ અવસરોઅનેશિબિરનાઉદ્દેશ્યોઅંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ તકે **DLSS** યોજનાના મેડાલિસ્ટ ખેલાડીઓ પણ ઉપસ્થિત રહ્યા, જેમણે પોતાની સફળતાની સફર અને **DLSS** યોજના દ્વારા પ્રાપ્ત કરેલા લાભો અંગે માહિતી આપી. કાર્યક્રમનું સંચાલન નરેશભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું, અને કાર્યક્રમની સમાપ્તિ અલ્પાહાર સાથે કરવામાં આવી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સત્યપ્રતિજ્ઞા શ્રેષ્ઠ વ્યક્તિને કટ્ટુ વચન અસર કરી શકતા નથી.

- સુભાષિત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૧૨ ભોમ પ્રદોષ, નૃસિંહ દ્વાદશી તા.૧૧ માર્ચ ૨૦૨૫, મંગળવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૦, આશ્લેષા નક્ષત્ર, અતિગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૦૬, સૂ.અ.૬:૫૭ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), રાત્રે ૨:૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થ જીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામકરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક: સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યોમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

# માખીયાળા ખાતે આવેલ માનસીક વિકલાંગ બાળકોની સંસ્થામાં મહિલા દિવસ નિમીતે ચીજવસ્તુઓનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ નજીક માખીયાળા ખાતે આવેલ માનસિક વિકલાંગ બાળાઓની સંસ્થા ખાતે ૮-૩-૨૦૨૫ને મહિલા દિવસ નિમિત્તે ચોખા ૬૦ કિલો, તુવેરદાળ ૩૦ કિલો, ખાંડ ૫૦ કિલો અને ગોળ ૫ કિલો, વિતરણ કરવામાં આવેલ અને કોમરેડ મિત્રોના હાથેથી બાળકોને ભોજન કરાવવામાં આવેલ હતું. સંસ્થાના સંચાલક બંને બહેનો નીલમબેન અને રેખાબેન તરફથી ગુજરાત બેંક વર્કર યુનિયનનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત બેંક વર્કર જૂનાગઢ યુનિટ તરફથી દિલીપભાઈ ટીટિયા, સતીશ ગગલાણી, જીગ્નેશ ગાજીપરા અને અમી ખેરડીયા તથા અન્ય બેંક કર્મચારી મિત્રો હાજર રહ્યાં હતા.

# પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી તહેવારોને લઈ ફ્લેગ માર્ચ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૧

હોળી ધૂળેટી તથા રમઝાન તહેવાર સબબ પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર યુ.બી. રાવલ તથા પી.એસ.આઈ. એચ.એસ.ભુવા તથા બી.કે.રાઠોડ તેમજ સર્વેલન્સ સ્કોડ તથા અન્ય સ્ટાફ દ્વારા શિવ ચોકી, વડલા ચોક, મેઈન બજાર, મોટા કોળી વાડા, દરજીવાડા, કુંભારવાડા તેમજ મંદિર પરીસર આજુબાજુના વિસ્તારમાં ફલેગ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા આયોજિત નવા નોંધાયેલા વકીલોનો શપથગ્રહણ સમારોહ યોજાયો

## કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ



અમદાવાદ તા.૧૧

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા આયોજિત નવા નોંધાયેલા વકીલોનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ ઐતિહાસિક છે. આજે ૧૧ હજાર યુવા વકીલો સંવિધાનની રક્ષા અને નાગરિકોને ન્યાય અપાવવાની પ્રક્રિયા સાથે વ્યવસાયિક રૂપે જોડાવવાના છે અને બીજી રીતે આટલી વિશાળ સંખ્યામાં વકીલોને એક છત નીચે એકત્રિત કરવા એ પણ એક ઈતિહાસ જ છે. યુવા તેઓએ ધારાશાસ્ત્રીઓને હૃદય પૂર્વક અનંત શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે આજથી આપ સૌ જે વ્યવસાય સાથે જોડાઈ રહ્યા છો એ માત્ર વ્યવસાય નહીં બલ્કે પવિત્ર ફરજ છે. સંવિધાન અને લોકતંત્રને મજબૂત કરવાની અને દેશની ૧૪૦ કરોડ જનતાના શરીર, સંપત્તિ અને સન્માનની રક્ષાના સંવિધાન દત્ત અધિકારોને નિર્વહન કરવાની ફરજ એક ધારાશાસ્ત્રી તરીકે આપ સૌએ નિભાવવાની છે. આપણા સંવિધાને ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે અને એવા સમયે સંવિધાનના રક્ષણની પ્રક્રિયા સાથે જોડાવા જઈ રહ્યા છો. ભારતની સંસદે આ જ વર્ષે અપરાધિક ત્રણેય કાયદાઓમાં આમૂલચૂર પરિવર્તન કરી નવા કાયદાઓ અપનાવ્યા છે. ભારત વિશ્વની અર્થતંત્રના લિસ્ટમાં ૫ માં નંબરે પહોંચી ગયું છે. ધારાશાસ્ત્રીઓનું યોગદાન દેશના નિર્માણમાં, દેશની આઝાદીમાં અને દેશના સંવિધાન નિર્માણમાં ખૂબ મહત્વ પૂર્ણ રહ્યું છે. આઝાદી આંદોલનના સમયનો અભ્યાસ કરીએ તો લાલા લજપતરાય, બાલગંગાધર તિલક, મહાત્મા ગાંધી, ભુલાભાઈ દેસાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ, રાજેન્દ્રબાબુ હોય કે ડૉ આંબેડકર હોય આ બધાજ આઝાદીના આંદોલનના લડવૈયાઓ પોતે વ્યવસાયે ધારાશાસ્ત્રી હતા. દૂરદર્શી, પારદર્શી અને સર્વ સમાવેશી સંવિધાન આપણા પૂર્વજોએ બનાવ્યું છે.

શ્રી શાહે વધુમાં બાર કાઉન્સિલ અધ્યક્ષશ્રી જે.જે પટેલને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, આટલું વિશાળ એક સાથે, એક સ્પીરિટ સાથે વિશાળ સંખ્યામાં ધારાશાસ્ત્રીઓનું મોબી લાઈઝેશન દેશભરમાં ક્યારેય નહીં થયું હોય જે આજે થયું છે. છેલ્લા એક દશકમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશમાં સામાજિક ન્યાય, આર્થિક ન્યાય, અને રાજનીતિક ન્યાય એમ ત્રણેય ક્ષેત્રોમાં અનેક પ્રકારની ઉપલબ્ધિઓથી જોડીને ન્યાય અપાવવાનું કામ કર્યું છે. સામાજિક ન્યાયમાં ત્રિપલ તલાક સમાપ્ત કરી મુસ્લિમ મહિલાઓને સમાનતાનો અધિકાર આપ્યો. નવી શિક્ષા નીતિમાં સ્કિલબેઝ એજ્યુકેશન અને માતૃભાષામાં શિક્ષણથી યુવાનો અને કિશોરોને એજ્યુકેશનનો અધિકાર અપાવ્યો. આર્થિક ન્યાયના ક્ષેત્રમાં જેમ ટ્રિનિટી ૩૯ હજાર કાયદાઓના કોમ્પલાયસીસ સમાપ્ત કર્યા, બેંકોનું મર્જર, NPA ની સમસ્યાઓનું સમાધાન અને ભારતના અર્થતંત્રને વિશ્વના પાંચમાં નંબરનું અર્થતંત્ર બનાવવાનું કામ નરેન્દ્ર મોદીજીએ કર્યું છે. વર્ષોથી લોકો જેની રાહ જોતા હતા તે આર્ટિકલ ૩૭૦ સમાપ્ત કરવાનું કામ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કર્યું છે. ૧૦ વર્ષમાં બારથી વધુ સેટલમેન્ટ કરી સમગ્ર નોર્થિસ્ટમાં શાંતિ સ્થાપવાનું કાર્ય કર્યું અને નારી શક્તિ વંદન અધિનિયમથી આ દેશની માતૃશક્તિને કાયદા ઘડનાર સંસ્થાઓમાં ૩૩% આરક્ષણ આપવાનું કાર્ય કર્યું. દેશની જનતાનો વિશ્વાસ હજુ સુધી ન્યાયતંત્રમાં અક્ષુણ છે પરંતુ જો ન્યાય મળવામાં ૨૦-૨૦ વર્ષ લાગી જતા હોય તો આ વિશ્વાસ લાંબો સમય ના ટકી શકે એટલા માટે આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીએ ન્યાયકેન્દ્રિત સમયસર ન્યાય માટે ત્રણ નવા અપરાધિક કાનૂનોનું બિલ આ સંસદની અંદર લાવવાનું કામ કર્યું છે. કેટલીક પ્રક્રિયાઓને યુક્તિસંગત બનાવી, સમયસીમા નિર્ધારિત કરી છે, નાના - મોટા મામલાઓને સમરી ટ્રાયલ દ્વારા ઝડપથી પૂર્ણ કરવાની વ્યવસ્થા, આરોપની પહેલી સુનાવણી ૬૦ દિવસમાં અને ચાર્જશીટ રજૂ થયા પછી ૯૦ દિવસની અંદર જ તમામ તપાસ પૂર્ણ કરી ન્યાયની પ્રક્રિયા પૂર્ણ કરવાની તેમજ સમયમર્યાદા થી ન્યાયને ઝડપી બનાવવાનું કાર્ય કર્યું છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, આપ સૌ જે વ્યવસાય સાથે જોડાયા છો તે વ્યવસાય અનેક સમયે દેશના સંવિધાન, લોકતંત્ર અને દેશના ગરીબ નાગરિકોના અધિકારને બચાવવાનું કાર્ય કર્યું છે. કેટલાક જજમેન્ટો છે જેમાં વિદ્વાન ધારાશાસ્ત્રીઓએ સુપ્રીમ કોર્ટની મદદ કરી દેશના કાયદાને આકાર આપવાનું કાર્ય કર્યું છે. બંધારણની મૂળ ભાવના એના સ્પીરિટનું રક્ષણ અને અધિકારોને છેવાડા સુધી પહોંચાડવાનું કાર્ય આ જ ન્યાયિક પ્રક્રિયાએ કર્યું છે. પવિત્ર વ્યવસાયમાં જોડાવા જઈ રહેલા તમામ ધારાશાસ્ત્રીઓને શ્રી શાહે સંબોધનના અંતે અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના શપથ લઈ રહેલા નવ યુવા વકીલોને ઉજ્જ્વળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં ઈઝ ઓફ લિવિંગ, ઈઝ ડુઈંગ બિઝનેસ સાથે ઈઝ ઓફ જસ્ટિસને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી એ કહ્યું કે લોકોને સરળતાથી અને ઝડપી ન્યાય મળે તેવા આ ઈઝ ઓફ જસ્ટિસ અભિગમમાં ન્યાયવિદો અને વકીલોનું યોગદાન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષ બંધારણના અંગીકરણનું ૭૫ મુ વર્ષ અમૃત વર્ષ છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે ૧૯૫૦માં બંધારણ અમલમાં આવ્યું પરંતુ દેશમાં કાયદાઓ તો અંગ્રેજ શાસનથી ચાલ્યા આવતા કાયદા જ રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહના દિશા દર્શનમાં કાયદા સુધારણા ક્ષેત્રે મહત્વપૂર્ણ કામ થયું છે એમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ અંગેની વિસ્તૃત ભૂમિકા આપતા જણાવ્યું કે ગુલામીની માનસિકતામાંથી દેશને મુક્ત કરાવવાની નેમ સાથે આઝાદી પછી પહેલીવાર દંડના સ્થાને ન્યાય અપાવવા માટેના કાયદા આવ્યા છે. તેમણે આ વિશે એ કહ્યું કે ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અમલી થયા છે.એટલું જ નહીં આ ત્રણેય કાયદાઓ ભારતીય પરિપેક્ષ પ્રમાણે ન્યાય મળે તે સુનિશ્ચિત કરનારા કાયદાઓ છે.

# સંપત્તિવાન મુખ્યમંત્રીઓની યાદીમાં ટોચના સ્થાન ઉપર ચમકતા ચંદ્રબાબુ નાયડુની સંપત્તિ રૂા.૯૩૧ કરોડ, સૌથી ગરીબ મુખ્યમંત્રી મમતા પાસે રૂપીયા. ૧૫ લાખ

### આંધ્રના ચંદ્રબાબુ નાયડુ સૌથી સમૃદ્ધ સીએમ, એ પછીટોચના ત્રણ અમીર સીએમની યાદીમાં પ્રેમા ખાંડુ અને કર્ણાટકના સિદ્ધારમૈયા : રૂપિયા ૧૫ લાખની સંપત્તિ સાથે મુખ્યમંત્રી મમતા બેનરજી ભારતના 'સૌથી ગરીબ' મુખ્યમંત્રી

નવી દિલ્હી, તા.૧૧

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ ભારતના સૌથી સમૃદ્ધ અને અમીર મુખ્યમંત્રી તરીકે ઉપસી આવ્યા છે એમની પાસે સંપત્તિ રૂા.૯૩૧ કરોડ જેટલી હોવાનું એ.ડી.આર.નો અહેવાલ જણાવે છે. જ્યારે એમની સામે સાવ અલગ રીતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સૌથી ઓછી સંપત્તિ ધરાવતા મુખ્યમંત્રી તરીકે યાદીમાં સ્થાન મેળવે છે. તેમણે પોતાની રૂપિયા ૧૫ લાખની સંપત્તિ હોવાનું જાહેર કર્યું છે. એ.ડી.આર.નો રિપોર્ટ દર્શાવે છે કેદેશની વિધાન સભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખાસ સર્વે હાથ ધરીને ૩૧મુખ્યમંત્રીઓની પાસે કેટલી મિલકતો અને સંપત્તિ છે તેનો ખાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો અને અહેવાલમાં એવું બહાર આવ્યું છે કે આ નેતાઓ એટલે કે ૩૧ મુખ્યમંત્રીઓની સરેરાશ સંપત્તિ રૂા.૫૨.૫૯ કરોડ છે અને તેમાંથી બે સીએમ એટલે કે છ ટકા સીએમ અબજોપતિ છે. અહેવાલમાં સીએમની સરેરાશ આવક અને ૨૦૨૩-૨૪ની ભારતની સરેરાશ માથાદીઠ આવક વચ્ચે પણ બહુ મોટો તફાવત જોવા મળ્યો છે. ભારતીય નાગરિકોની માથાદીઠ આવક રૂા.૧,૮૫,૮૫૪ જેટલી જ હોવાનું નોંધાયું છે જ્યારે દેશના સીએમની સરેરાશ આવક રૂા.૧૩, ૬૪,૩૧૦ જેટલી નોંધાય છે જે દેશની સરેરાશ વ્યક્તિગત આવક કરતા ૭.૩ ગણી વધુ છે. સૌથી અમીર મુખ્યમંત્રીઓમાં ચંદ્રાબાબુ નાયડુ રૂા.૯૩૧ કરોડની સંપત્તિ સાથે સીએમની યાદીમાંસૌથી ટોચ ઉપર છે. એમના પછીના સ્થાનેઅરૂણાચલ પ્રદેશના સીએમ પ્રેમા ખાંડુ છેજેમની સંપત્તિ રૂા.૩૩૨ કરોડ જેટલીજાહેર થઈ છે અને એ



પછીના ત્રીજા ક્રમે રૂપિયા ૫૧ કરોડની સંપત્તિ સાથે કર્ણાટકનાસીએમ સિદ્ધારમૈયા આ યાદીમાં સ્થાન ધરાવે છે. એ પછીના ક્રમે નાગાલેન્ડના સીએમ છે. નાગાલેન્ડના સીએમ રીયો પાસે રૂપિયા ૪૬ કરોડની સંપત્તિ છે અને મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ પાસે રૂપિયા ૪૨ કરોડની સંપત્તિ છે. જ્યારે આ સમૃદ્ધ સીએમની યાદીમાં સાવ અલગ તરી આવતા પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનરજી સૌથી ઓછા સમૃદ્ધ સીએમ છે. એમને પોતાની સંપત્તિ માત્ર રૂપિયા ૧૫ લાખ હોવાનું જાહેર કર્યું છે. એમના પછી જમ્મુ અને કાશ્મીરના સીએમ ઓમર અબ્દુલ્લાહ પાસે રૂપિયા ૫૫ લાખ, કેરાલાના સીએમ પી વિજયન પાસે રૂપિયા ૧.૧૮ કરોડ, દિલ્હીના સીએમ આતિશી પાસે રૂપિયા ૧.૪૧ કરોડ અને રાજસ્થાનના સીએમ ભજનલાલ શર્મા પાસે રૂપિયા ૧.૪૬ કરોડની સંપત્તિ હોવાના અહેવાલ બતાવે છે.

### નવા વર્ષની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલતનું સમગ્ર રાજ્યમાં આયોજન કરાયું

# ગુજરાતની લોક અદાલતના ઈતિહાસનું સર્વ શ્રેષ્ઠ પરિણામ સામે આવ્યું

અમદાવાદ તા.૧૧

નવા વર્ષની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ છે. તેમાં ૧૩.૨ લાખ કેસમાંથી ૭.૩ લાખ કેસનો સુખદ નિવેડો આવ્યો છે. આશરે રૂપિયા ૨ હજાર ૭૪૩ કરોડના એવોર્ડ મુકરર કરાયા છે. કુલ ૪ લાખ ૩૭ હજાર પ્રિ-લિટીગેશન કેસમાં સમાધાન થયુ છે. જેમાં રૂપિયા ૭૫.૩૯ કરોડના એવોર્ડ મુકરર કરાયા છે. ઈ-ચલણના ૩ લાખ ૮૦ હજાર કેસમાં ૧૮ કરોડની વસૂલી કરાઈ છે. લોક અદાલતમાં ગુજરાત રાજ્યની અભૂતપૂર્વ સફળતા મળી છે. અદાલતોમાં હજારો કેસ પેન્ડિંગ પડ્યાં છે, જે મામલે સુનાવણીઓ બાકી છે પરંતુ લોક અદાલતમાં ગુજરાત રાજ્યને મોટી સફળતા મળી હોવાનું સામે આવ્યું છે. નવા વર્ષની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલતનું સમગ્ર રાજ્યમાં આયોજન કરાયુ હતુ. જેમાં આ લોક અદાલતનો લાભ મહતમ પક્ષકારો લઈ શકે તે માટેનું આયોજન કરવામાં આવ્યું હતુ. લોક અદાલતમાં, પેન્ડિંગ મોટર અકસ્માતના વળતરને લગતા દાવાઓનો સમાધાન કરી વલણથી નિકાલ કરાયો છે. તેમજ દિવાની દાવાઓ, નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ ચેક પરતને લગતી ફોજદારી તકરારો, માત્ર દંડની શિક્ષાપાત્ર કેસો, દાંપત્ય જીવનને લગતી તકરારો તથા ઔદ્યોગિક તકરારો અંગેના કેસો પણ મુકાયા છે. જેમાં ૧૩, ૦૨,૪૮૬ જેટલા કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. તેમાં ૭, ૦૩, ૫૧૭ કેસોનો સુખદ નિવેડો આવ્યો છે. લોક અદાલતના કેસોમાં દાંપત્ય જીવનને લગતી ૨૭૬૧ તકરારોનો પણ લોક અદાલતથી અંત આવ્યો છે. ચીફ જસ્ટિસ



સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવના માર્ગદર્શનમાં લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતુ. ગયા વર્ષે પણ રાજ્યભરમાં પેન્ડિંગ દાંપત્ય જીવનને લગતી ૩૦૦૪ તકરારોનો અંત આવ્યો હતો. ૨૦૨૪ના વર્ષની છેલ્લી લોક અદાલતમાં દસ વર્ષ કે તેથી જુનાં ૧,૨૯૬ કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪ માં કુલ ચાર લોક અદાલત યોજાઈ હતી. જેમાં કુલ ૨૧,૬૧,૦૪૮ કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, લોક અદાલતો થકી અત્યાર સુધીમાં અનેક કેસોનો સુખદ અંત આવ્યો છે. જે લોકો માટે સારી વાત છે. આ સાથે ગુજરાત માટે પણ આ અભૂતપૂર્વ અને ગૌરવની વાત છે.

# ભારતને સતત કનડી રહેલા ચીન ઉપર વિશ્વાસ કરવા જેવો નથી

અમદાવાદ તા.૧૧

ત્રીજા વિશ્વમાં ચીન આજે એક એવો દેશ છે કે, જેનાથી અમેરિકા જેવા દેશો પણ તણાવમાં રહે છે. ચીને પોતાની જંગી પ્રગતિ અને સતત વિસ્તારવાદી પ્રવૃત્તિઓથી સૌના શ્વાસ અધ્ધર કરી દીધા છે ત્યારે ભારત જેવા દેશે તો તેનાથી ખાસ ચેતવા જેવું છે કેમ કે, એક તો તે ભારતનું પડોશી છે અને બીજું ભૂતકાળમાં તે ભારત સાથે યુદ્ધ કરી ચૂક્યું અને વર્તમાનમાં પણ તેના સંબંધો ભારત સાથે સારા ન જ કહી શકાય. આપણી સરહદમાં તે મહિનાઓ સુધી ઘૂસી ગયું હતું અને તાજેતરમાં તેના સૈનિકો પાછા હટી ગયા હોવાનુંજણાવાય છે. પરંતુ તે પાછા આપણી સરહદમાં નહીં જ ઘૂસે એની શું ગેરંટી છે ? આમેય ચીન સરહદે સતત ઉંબાડિયાચાંપતું જ રહે છે. એટલું જ નહીં તે હરકતો પણ એવી કરતુંરહે છે કે, જેથી ભારત જેવા પડોશીઓને પરેશાની થાય.ભારત પ્રત્યે ચીનનું વલણ પહેલેથી જ શંકાઓથી ઘેરાયેલું છે. ચીન પોતાના હિત અને વિકાસના નામે જે નિર્ણયો લે છે તે ઘણી વખત પડોશી દેશો માટે જોખમનું કારણ બની જાય છે. આ આશંકા ખાસ કરીને એટલા માટે ઊભી થાય છે કે, છેલ્લા કેટલાક સમયથી સરહદી વિસ્તારોમાં ચીનની ગતિવિધિઓ તેની વિસ્તરણવાદની ભૂખ દર્શાવે છે. આ જ કારણ છે કે હવે ચીન પોતાની વિકાસ યાત્રાને આગળ વધારી રહ્યું છે અનેઊર્જા ઉત્પાદનના હેતુથી બ્રહ્મપુત્રા નદી ઉપર બંધ બાંધવા જઈ રહ્યું છે અને આ નિર્ણયથી ભારત અને બાંગ્લાદેશની ચિંતા વધી ગઈ છે. ઉલ્લેખનીય છે કે ચીને તિબેટના ઊંચાઈવાળા પ્રદેશના પૂર્વ ભાગમાં વિશ્વનો સૌથી મોટો બંધ બનાવવાની જાહેરાત કરી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને એડીસી બેંકનો સ્વર્ણિમ શતાબ્દી સમાપન સમારોહ યોજાયો

અમદાવાદ તા.૧૧

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને અમદાવાદના જેતલપુર ખાતે એડીસી બેંકનો સ્વર્ણિમ શતાબ્દી સમાપન સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે એડીસી બેંક દ્વારા 'બી અવેર, બી સિક્યોર'ના મંત્ર સાથે શરૂ કરવામાં આવનાર સાયબર સેફટી એન્ડ સિક્યોરિટી પાયલોટ પ્રોજેકટનું લોકાર્પણ કર્યું હતું તેમજ જેતલપુર સેવા સહકારી મંડળીના સુપર મોલનો વર્ચ્યુઅલ માધ્યમથી શિલાન્યાસ કરાવ્યો આવ્યો હતો. અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કૉ-ઑપરેટિવ બૅંકના શતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે દેશના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, ૨૫ વર્ષ પહેલાં એડીસી બેંક ખોટમાં ચાલતી હતી, ત્યારે ખેડૂતો અને પશુપાલકોએ મારા ઉપર વિશ્વાસ મૂકી મને બૅંકનો ચેરમેન બનાવ્યો હતો. એ વખતે સૌના સાથ-સહકાર અને સુચારુ આયોજન થકી એક જ વર્ષમાં બૅંક ખોટ પૂરીને નફો કરતી થઈ. ત્યાર પછી ક્યારેય પાછું વળીને નથી જોયું અને ગયા વર્ષે બૅંકે ૧૦૦ કરોડનો નફો કર્યો છે. શ્રી અમિતભાઈએ કહ્યું કે, આ નાના માણસની મોટી બૅંક છે. ખેડૂતો અને પશુપાલકોની પાંચ પેઢીઓએ પોતાના પરસેવાથી આ બૅંકને સીંચી છે અને બૅંકને ઝીરો નોન પરફોર્મિંગ એસેટ્સવાળી બૅંક બનાવી છે. છેલ્લાં ૨૫ વર્ષમાં બૅંકે અનેક નવા આયામો અને શિખરો સર કર્યાં છે દેશની ૨૬૦ સહકારી બૅંકોમાંથી રિઝર્વ બૅંકની ગાઈડલાઈન પ્રમાણે ૧૦૦ ટકા ઈ-બૅંકીગ લાગુ કરનારી એકમાત્ર બૅંક છે. આજે બૅંકનું ટર્નઓવર રૂ. ૧૭હજાર કરોડથી પણ વધુનું થયું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ કહ્યું કે, એડીસી બૅંકે અનેક ઉતારચઢાવ જોયા છે, પણ દરેક વ્યક્તિએ પોતાની જવાબદારી પ્રામાણિકતાથી નિભાવી છે. તેમણે કહ્યું કે એડીસી બૅંકે માત્ર ધિરાણ જ નહીં, પરંતુ સેવાના ક્ષેત્રે પણ વિસ્તાર-વિકાસ કર્યો છે અને સ્વાસ્થ્ય, સેવા અને સહકારને આવરી લેતાં અનેક કાર્યો આ બૅંકે કર્યા છે. દેશમાં પ્રથમ સહકાર મંત્રાલયના પ્રણેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિ અંગે વાત કરતાં શ્રી શાહે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ દેશમાં સહકારિતાની ઝૂંબેશ શરૂ કરવાનું કામ કર્યું છે અને દેશમાં સહકાર મંત્રાલય શરૂ થયા બાદ અત્યાર સુધીમાં વિવિધ ૬૦ જેટલી પહેલ પણ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ પાંચ વર્ષમાં બે લાખ જેટલી સેવા સહકારી મંડળીઓ અને પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓને કૉ-ઑપરેટિવ ઝૂંબેશ સાથે જોડીને આ ક્ષેત્રનો વિકાસ કરવાનું આયોજન છે.

સહકાર ક્ષેત્રનું ભવિષ્ય ઉજ્જ્વળ છે તેમ જણાવી શ્રી અમિતભાઈએ કહ્યું કે આજે મંડળીઓ સસ્તી દવાની દુકાન, ગેસ વિતરણ, પેટ્રોલ પંપ, સસ્તા અનાજની દુકાન, ગોડાઉન અને જળ વ્યવસ્થાપન જેવાં કામો કરે છે. ભવિષ્યમાં વાહનચાલકો માટે પણ કૉ-ઑપરેટિવ મૂવમેન્ટ અને બીજ ઉત્પાદન સહિતનાં ક્ષેત્રોને પણ જોડવામાં આવશે જેમાં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કૉ-ઑપરેટિવ બૅંક જેવી સંસ્થાઓને આગળ આવવા અપીલ કરી હતી તેમજ નાનામાં નાના માણસને લોન મળી રહે તેવી વ્યવસ્થા કરવા બૅંકના હોદ્દેદારોને સૂચન કરી બૅંકના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. એડીસી બૅંકના સ્વર્ણિમ શતાબ્દી સમાપન સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં વિકાસની રાજનીતિ અને અંત્યોદયના ઉત્થાનનો નવો ઈતિહાસ રચાયો છે. તેમના માર્ગદર્શનમાં 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના મંત્રને સાકાર કરતા સૌને સાથે લઈને પરસ્પર સહકારથી આગળ વધવાની એક સર્વગ્રાહી વિકાસ પરંપરા દેશમાં વિકસી છે, એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં વાત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશમાં સૌ પ્રથમ વખત શરૂ કરાયેલા સહકારિતા મંત્રાલયે 'સહકાર સે સમૃદ્ધિ'ના સૂત્ર સાથે એક નવી દિશા આરંભી છે. દેશના પ્રથમ સહકાર મંત્રી તરીકે શ્રી અમિતભાઈ શાહે સહકાર ક્ષેત્ર અને સહકારી બેંકિંગ સેકટરમાં અનેક ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. તેમના નેતૃત્વમાં સહકારી બેંકોમાં ડિજિટલ બેંકિંગ સેવાઓનો વિસ્તાર કરવામાં આવ્યો છે. દેશમાં વિવિધ ૨૯ ક્ષેત્રોમાં ૮ લાખ જેટલી સહકારી સંસ્થાઓના સુચારૂ વ્યવસ્થાપન થકી દેશની અર્થવ્યવસ્થા મજબૂત બની રહી છે. પહેલા કો-ઓપરેટિવ બેંકો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કંટ્રોલમાં નહોતી, તેને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈના પ્રયાસોથી આર.બી.આઈ.ના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવી છે. જેથી સમગ્ર દેશમાં સહકારી બેંકો પહેલાથી વધુ સ્પર્ધાત્મક અને પારદર્શક બની છે, એમ તેમણે જણાવ્યું હતું.

# મણિપુરમાં ફરી હિંસા ભડકી ઉઠી; એકનું મોત નિપજ્યું

ઈમ્ફાલ તા.૧૧

મણિપુરમાં ફરી એકવાર અશાંતિ નો માહોલ, હિંસા ભડકી ઉઠી છે, કાંગપોકપી જિલ્લામાં કૂકી સમુદાયના લોકો દ્વારા વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાદળોની સાથે ભારે ઘર્ષણ થયું હતું. જે દરમિયાન એકનું મોત નિપજ્યું હતું અને જવાનો સહિત ૨૫થી વધુ લોકો ઘવાયા હતા. મણિપુરમાં ઘણા મહિનાઓ બાદ પરિવહન શરૂ કરાયો હતો અને સરકારી બસો દોડવા લાગી હતી. આ મૂક્ત અવર જવરનો શનિવારે પ્રથમ દિવસ હતો ત્યાં જ ફરી હિંસા ભડકી ઉઠી હતી. રાજ્યના પાટનગર ઈમ્ફાલથી સેનાપતિ જિલ્લા તરફ જઈ રહેલી બસો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, વિરોધ પ્રદર્શન કરી રહેલા કૂકી સમુદાયના લોકોએ અનેક રોડ ખોદી નાખ્યા હતા સાથે જ ચક્કાજામ કર્યો હતો. વિરોધ પ્રદર્શનને રોકવા માટે સુરક્ષાદળોએ આંસુ ગેસનો મારો ચલાવ્યો હતો. જે બાદ વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બન્યું હતું અને દળો પર પથ્થરમારો શરૂ કરી દેવાયો હતો, સાથે જ ખાનગી અને સરકારી વાહનોને આગ લગાવાઈ હતી. કેન્દ્ર સરકારના આદેશ બાદ મણિપુરમાં બસ અને હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી હતી, મે ૨૦૨૩માં હિંસા શરૂ થઈ ત્યારથી લઈને અત્યાર સુધી પ્રથમ વખત મણિપુરના રોડ પર બસો દોડતી જોવા મળી હતી, જેમાં મોટાભાગની બસો ખાલી પણ હતી. સ્થિતિને થાળે પાડવાના ભાગરુપે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મણિપુરમાં સુરક્ષાદળો દ્વારા મોટા પાયે તપાસ અભિયાન ચલાવાઈ રહ્યું છે, જેના ભાગરુપે વધુ ૧૧૪ હથિયારોને જપ્ત કરવામાં આવ્યા છે જ્યારે પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠનોના સાત સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ૫૦ હજાર રૂપિયા પણ મળી આવ્યા છે. જ્યારે અન્ય ત્રણ ઉગ્રવાદી સંગઠન સાથે સંકળાયેલા ત્રણની ધરપકડ કરાઈ હતી. ઉગ્રવાદીઓ અને નાગરિકોને હથિયારો જમા કરાવવા માટે બે સપ્તાહનો સમય અપાયો હતો, જે પૂર્ણ થયા બાદ તપાસ અભિયાન દરમિયાન ગ્રેનેડ, બંદુકો, વિસ્ફોટકો સહિત કુલ ૧૧૪ હથિયારો જપ્ત કરાયા હતા. જ્યારે બે સપ્તાહ દરમિયાન લોકોએ સામે ચાલીને આશરે એક બજારથી વધુ હથિયારો જમા કરાવ્યા છે. ૨૦મી ફેબ્રુઆરીથી આ અભિયાન રાજ્યપાલે શરૂ કરાવ્યું હતું.

# રાજકોટ શહેરમાં ખોડલધામ મહિલા સમિતિ દ્વારા 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી કરાઈ

## ખ્યાતનામ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાએ હાસ્યની સાથે મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું




રાજકોટ તા. ૧૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કાર્યરત ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટ દ્વારા ગત તા. ૮ માર્ચ ને શનિવારના સાંજે ૪ વાગ્યાથી વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે નારી તું નારાયણી કાર્યક્રમ અંતર્ગત વિશ્વ મહિલા દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે રાજકોટ શહેરના શ્રી સરદાર પટેલ ભવન ખાતે કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ દક્ષિણના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાનું મા ખોડલની પ્રતિમા અને ખેસ પહેરાવીને ખોડલધામ મહિલા સમિતિ- રાજકોટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા અને રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ પોતાના વકતવ્યમાં ઉપસ્થિત બહેનોને પરિવારભાવના કેવી રીતે કેળવવી અને પરિવારમાં સંપ જાળવીને કેવી રીતે જીવવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. પોતે હાલ જે હોદ્દા પર પહોંચ્યા છે તેમાં પણ સમાજની સર્વે બહેનોનો ખૂબ જ સાથ સહકાર મળ્યો છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ખ્યાતનામ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાએ મહિલાઓને હાસ્યરસ પિરસ્યો હતો અને સાથે સાથે મહિલા દિવસ નિમિત્તો મહિલાઓને જીવન ઉપયોગી વાતો રજૂ કરી હતી. મનસુખભાઈ વસોયાએ જણાવ્યું હતું કે, આજની મહિલાઓ કરકસર કરીને પરિવારને ઉપયોગી થઈ રહી છે. તેમણે દરેક મહિલાઓને એમ પણ જણાવ્યું હતું કે, પરિવારની આવક પ્રમાણે જ ખર્ચ કરવો જોઈએ. મનસુખભાઈ વસોયાની હાસ્ય સાથેની હળવી વાતો સાંભળીને મહિલાઓને ખૂબ જ મજા પડી હતી. ત્યારબાદ સિંગર ધારાબેન પટેલ ગરબાની રમઝટ બોલાવી હતી અને ઉપસ્થિત તમામ મહિલાઓ ગરબે રમી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે સૌએ સાથે અલ્પાહાર લીધો હતો.આ કાર્યક્રમમાં રાજકોટ શહેર ઉપરાંત આસપાસના તાલુકા અને ગ્રામ્યમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી અને કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી ખોડલધામ મહિલા સમિતિ-રાજકોટની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વિસાવદર - ભેસાણ વિધાનસભા મતવિસ્તાર ધારાસભ્ય વિહોણો હોવાથી પ્રજા પરેશાન

## કાયદાકીય આંટીઘૂંટીમાંથી બહાર કાઢીને તાત્કાલિક ચૂંટણી યોજવા સામાજીક અગ્રણીની મુખ્યમંત્રીને ધારદાર રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

ભેસાણ તા. ૧૧

વિસાવદર વિધાનસભા બેઠક ઉપર વિજેતા થયેલ ધારાસભ્ય ભુપેન્દ્રભાઈ ભાયણીએ રાજીનામું આપી દીધા બાદ ફરી આ બેઠકની પેટા ચૂંટણી નહીં યોજાતા આ બેઠકના નાગરીકોની સ્થિતિ કફોડી બની છે. નેતૃત્વ વિહીન આ બેઠકની પેટા ચૂંટણી તાત્કાલિક યોજવા માંગણી ઉઠી છે .

જૂનાગઢ જિલ્લા લેઉવા પટેલ સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ અને સામાજિક અગ્રણી હરસુખભાઈ વઘાસિયાએ મુખ્યમંત્રી પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે ૮૭ વિસાવદર વિધાનસભા બેઠકમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભુપેન્દ્રભાઈ ભાયાણી વિજેતા થયા હતા ત્યારે તેમની સામે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર હર્ષદભાઈ રિબડીયાએ આ જીત ને હાઈકોર્ટમાં પડકારી છે, તે બંનેના ગજગ્રાહ વચ્ચે હાલ મતદારો પીસાય રહ્યા છે. ભુપેન્દ્રભાઈ ભાયાણીએ ધારાસભ્ય પદેથી રાજીનામુ પણ આપી દીધું છે ત્યારે હવે આ બેઠકની પેટા ચૂંટણી યોજવી ખૂબ જરૂરી બની છે. કારણકે આ બેઠકમાં વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ ગ્રામ્યનો સમાવેશ થાય છે. ધારાસભ્ય નહી હોવાને લીધે ત્રણેય તાલુકાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે અને પ્રજાના અંગત કામો પણ થઈ શકતા નથી. હાલ નેતૃત્વ વિહીન તાલુકો હોવાથી લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. તાત્કાલિક ધોરણે ચુંટણી યોજીને આ વિસ્તારના લોકોને ન્યાય આપવા પત્રના અંતે જણાવ્યું છે.

# મહેર સમાજ દેગામ દ્વારા હોળી મહોત્સવની ઉજવણી પ્રસંગે ભવ્ય દાંડિયારાસ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન





ગોસા(ઘેડ) તા.૧૧

પોરબંદરના બરડા પંથકમાં આવેલ દેગામ ગામમાં ભારતીય સંસ્કૃતિની પ્રણાલી હજુ પણ એકબંધ છે. અહીં ભારતીય સંસ્કૃતિ મુજબ દરેક વાર તહેવાર હર્ષથી ઉજવાય છે.

દેગામ ગામે મહેર સમાજનાં મારદર્શન અને સમસ્ત દેગામ ગામ દ્વારા દર વર્ષ દરમ્યાન આવતા તહેવારો માં ખાસ કરીને હોલિકા મહોત્સવ, જન્માષ્ટમી ( સાતમ આઠમ ) નો તહેવાર તેમજ નવલા નવરાત્રી નો તહેવાર ભારે ઉમંગ, હર્ષ, એકતા અને ભાઈ ચારાની ભાવનાથી ઉજવાતા હોય છે. ત્યારે દર વર્ષની જેમ આ સાલ પણ આગામી આવતો હોલિકા મહોત્સવ પણ ભારે ધામધૂમથી ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે.

સવંત ૨૦૮૧ ફાગણ સુદ બીજ થી તા ૧૫/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી હોળી મહોત્સવના ત્રણ (પડવા) ભવ્ય અને દિવ્ય રીતે મહેર સમાજ (ચામુંડા મંદિર) તેમજ સમસ્ત દેગામ ગામ દ્વારા ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મહેર સમાજના ખ્યાતનામ મણીયારા દાંડિયા રાસ કે જે દેગામ ચામુંડા રાસ મંડળી જેઓ પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, સુરત, કર્ણાટક સહિત ના શહેરોમાં દાંડિયારાસની રમઝટ બોલાવેલ તે મહેર સમાજના ખેલૈયાઓ ઢોલ અને સરણાઈના નાદે અને નામી કલાકારોના શૂરલા કંઠેથી ગવાતા મણીયારાના તાલે નરબંકા યોદ્ધાઓ દાંડિયારાસથી ધરા ધ્રુજાવશે.

મહેર સમાજ ચામુંડા મંદિર ખાતે બીજા પડવે તા.૧૫/૦૩/૨૦૨૫ ને શનિવાર વારના બપોરના ૩:૩૦ કલાકથી બહેનોના ભાતી ગળ અસલી મહેણીઓના તાળી રાસ તથા ભાઈઓના મણિયારો (દાંડિયારાસ)નો કાર્યક્રમમાં નામી કલાકાર ગાયકોમાં છાયાના નાગાજણભાઈ મોઢવાડીયા, અમિતભાઈ ઓડેદરા, દેગામના નાથાભાઈ વિસાણા અને અરજન ભાઈ સુંડાવદરા તેમજ સીમાણીના ગાયીકા કુ.ભાવિષાબેન સુંડાવદરા ખેલૈયાઓને રમતનું જોમ પુરૂ પડશે. આ પ્રસંગે મણિયારા રાસ મંડળીના ખેલૈયાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.

ત્રીજા પડવે તા.૧૬/૦૩/૨૦૨૫ને રવિવાર વારના રોજ બપોરના ૩:૩૦ કલાકથી યોજાનાર દાંડિયારાસના કલાકાર ગાયકોમાં કુછડીના હિતેશભાઈ ઓડેદરા, ભાવપરાના રમેશગીરી ગોસ્વામી, ચંદ્રાવાડાના નાગાભાઈ ખૂંટી, દેગામના બાબુભાઈ વેજાભાઈ અને છાંયાનાં રાજેશ્રીબેન ઓડેદરા મણીયારો રાસ ગાઈ ખેલૈયાઓને શૂરાતન ચડાવશે.


જયારે ચોથા પડવે તા.૧૭/૦૩/૨૦૨૫ ને સોમવારના રોજ બપોરના ૩:૩૦ કલાકથી યોજાનાર દાંડિયારાસના કલાકાર ગાયકોમાં ભારવાડાના લાખાભાઈ ઓડેદરા, દેગામના વિપુલભાઈ ગોસ્વામી અને દિલીપભાઈ સુંડા વદરા અને પોરબંદરનાં ક્રિષ્નાબેન કુબાવત ઓર્કેસ્ટ્રા સિકંદરભાઈ મીરની ટીમ પોરબંદર તથા સાઉન્ડ સિસ્ટમ દેગામના વિક્રમભાઈ વચ્છરાજ સાઉન્ડનાં સથવારે ખેલૈયાઓને પ્રોત્સાહન પુરૂ પાડશે. તા.૧૭ના રોજ હોળીના તહેવારની ઉજવણીની સાથે દેગામ મહેર સમાજ ખાતે માનવ સેવાના કાર્યક્રમમાં દેગામાના ઉત્સાહી સામાજીક કાર્યકર દેવાભાઈ ગોઢાણીયા આયોજીત અને પોરબંદર શ્રી રામ બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેનો સમય બપોર ના ૨:૦૦ કલાક થી સાંજના ૬:૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. ત્યારે રાસ ગરબા અને દાંડિયારાસ ની રમઝટ બોલાવવાની સાથે કોઈ ના જીવ લોહીના વાંકે ના જાય અને સમયે મળે રહે તેવા શુભ આશયથી રાખેલા બ્લડ ડોનેશન કેમ્પ માં પણ લોહી આપવાનો થન ગનાટ બતાવવા પણ અપીલ કરવામાં આવી છે. આ હોલિકા મહોત્સવની ઉજવણી પ્રસંગે મહેર સમાજ દેગામ તથા ચામુંડા રાસ મંડળી દેગામ દ્વારા એક અખબારી યાદી માં સૌને હોળી ના પડવાની મોજ માણવા અને દાંડીયારાસ જોવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં આમલકી એકાદશીએ ઠાકોરજી સંગ અબીલ - ગુલાલના રંગે રંગાતા ભાવિકો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૧

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ કુંજ એવમ્ આમલકી એકાદશીના પાવન અવસરે હજારો ભાવિકો વહેલી સવારથી જ લાંબી કતારો સાથે જગતમંદિરે દર્શનાર્થે પહોંચ્યા હતા. જગતમંદિરમાં મંગલા આરતીથી બપોરે અનોસર સુધી ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો. આજરોજ સવારે શૃંગાર આરતી સમયે ઠાકોરજી સંગ ભાવિકોએ અબીલ ગુલાલથી રંગાયા હતા. ઠાકોરજીને આજરોજ અગિયારસ નિમિત્તે વારાદાર પૂજારી પરિવાર દ્વારા વિશેષતઃ ગુલાબની પંખુડીઓ સાથે હોળી ખેલવામાં આવી હતી. જેના અલભ્ય દર્શનનો લાભ હજારો



ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી લાખો કૃષ્ણભકતોએ નિહાળ્યો હતો.

# માણસ માટે ફક્ત બે જ બાબતો મહત્વપૂર્ણ છે ભગવાનનો ડર અને ભાવ

## જો ભગવાનનો ડર હશે તો હંમેશા પાપોથી દૂર રહેશો, જો તમે ભાવ રાખશો, તો તેમના આશીર્વાદ તમારા પર વરસતા રહેશે

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કર્મમાર્ગમાં વિધ્ન કરનારો કામ છે.કશ્યપ- દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિધ્ન કરનાર લોભ છે.લોભથી ભક્તિનો નાશ થાયછે કામ,ક્રોધ,લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે,પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્ય નો ક્ષય થાય છે વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે.

ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિધ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ.મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે.

સત્યનારાયણની કથામાં બેસવાનું હોય,તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!ભગવાન કહે છે,હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.બસો બાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્ત નું એક દ્દષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળ ના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે,એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે.

યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે,મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો.તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે.શ્રીનાથજીના માથા ઉપરથી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી.

સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું.પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપર સત્સંગ નો ભક્તિનો અંકુશ રાખો ઈશ્વર નું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી.તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાં વિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહા પાપ છે.સનતકુમારોએ વૈકુંઠ માં ક્રોધ કર્યો.તેથી ભગવાને વિચાર્યું કે,મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું.કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે.જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે.

બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિ પ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી.નિષ્કામ ભક્તિ મનેઅતિશય પ્રિય છે.લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી.

ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્નએ તુલસીવિવાહનું તાત્પર્ય છે.

સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે.હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે.

પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ!

સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃકર્મત્યાગ,મૌન ત્યાગ અને સ્થાન ત્યાગ.

હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા.જો આમ ખરેખર બને તો માતાપિતા ની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે.આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી.

લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે.ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે.હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે.

હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુએ લોભના ભોગનો અવતાર છે.

કામને મારવા એક જ અવતાર લીધો છે.રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર.ક્રોધને મારવા પણ એકજ અવતાર શિશુ પાળને મારવા શ્રીકૃષ્ણાવતારપરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે.વરાહા વતાર અને નૃસિંહાવતાર.તે બતાવે છે કે લોભને જીતવો બહુજ મુશ્કેલ છે.

વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે,પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો?કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી.લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી. સત્કર્મમાં વિધ્ન કરનાર લોભ છે,માટે લોભને સંતોષથી મારજો.લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો. વરાહ ભગવાનએ સંતોષનો અવતાર છે.

વરાહાવતાર એ યજ્ઞાવતાર છે.વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ.શ્રેષ્ઠ દિવસ કયો?જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે.શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે.જે કાર્ય થી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિધ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે.વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોનેસોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું.આ સંતોષ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત હોળાષ્ટક કમૂર્તા ચાલે છે બસ હવે હોળી ધુળેટી ની ઘડીઓ ગણાય રહી છે.ક્રિકેટ ચાહકોએ તો ગત રવિવારે દિવાળીનો માહોલ ઉભો કર્યો રાજકારણમાં રાહુલે ગરમાવો લાવ્યો છે ક્યાં કેટલી યાદવાસ્થળી છે એ સમય બતાવશે.અસ્તુ.

– યશપાલસિંહ ટી. વાઘેલા
શ્રી ઓગડ વિદ્યા મંદિર, દરબારગઢ, થરા

# • રમઝાન મુબારક •




## રમઝાન સંદેશ–૭

કાયદાનું ઉલ્લંઘન

આ નૈતિક સંકટે એવું વાતાવરણ ઉત્પન્ન કરી દીધું છે કે જેમાં નૈતિક ગુણોને અપનાવવા ખુબજ મુશ્કેલ થઈ ગયા છે. ઈમાનદારી અપનાવવી કઠીન થઈ ગઈ છે અને બેઈમાની સરળ થઈ ગઈ છે. અને પરિણામજનક કાયદાનું પાલન સુરક્ષા પ્રદાન નથી કરતું, બલ્કે તેના ઉલ્લંઘનમાં વધુ મજા આવે છે. શાંતિપ્રિય નાગરિક મહત્વહીન છે અને બાહુબલી તેમજ અપરાધિક પ્રવૃત્તિની વ્યક્તિ સન્માનીય. જો તમે છળ-કપટ કરવામાં માહેર છો તો સત્તા અને સંપત્તિ તમારા ચરણ ચૂમશે, પરંતુ તમે સાચું બોલીને વ્યાપાર કરવા ઈચ્છશો તો સંપૂર્ણ જીવન અભાવગ્રસ્ત થઈ રહેશે.

| | |
|---|---|
| રોઝા- | ૧૦ મંગળવાર |
| ઈફ્તાર - | ૭ : ૦૦ |
| રોઝા - | ૧૧ બુધવાર |
| શહેરી - | ૫ : ૪૧ |

નૈતિક બગાડનો ઈલાજ

આ નૈતિક બગાડથી પ્રત્યેક નિષ્ઠાવાન ભારતીય પરેશાન છે. આના પ્રભાવશાળી ઈલાજ માટે વિભિન્ન પદ્ધતિઓ જણાવવામાં આવે છે, જેમાં સૌથી વધારે પ્રખ્યાત બે પદ્ધતિ છે. એક આ કે માનવ સ્વભાવની દ્રષ્ટિએ લાલચી અને સ્વાર્થી છે. તેની (તબાહકારી)થી બચવાને માટે કાયદાનો સહારો લેવો જોઈએ અને એવો ઉકેલ અપનાવવો જોઈએ જેના ડરથી તે બગાડથી બચતો રહે. પરંતુ આ પદ્ધતિની સૌથી મોટી ખામી આ છે કે સ્વયં કાયદા લાગુ કરનાર પણ એ જ મનુષ્ય હોય છે જેમના વિચારો ખરાબ હોય, તો પછી તેમના વિચારો પણ ખરાબ જ હશે જેમની ઉપર કાયદો લાગુ કરવામાં આવે છે. આની બીજી ખામી આ છે કે અનેક એવા નૈતિક દોષોનો ઈલાજ એ જ સમયે અને સ્થિતિમાં સંભવ છે, જ્યારે કે મન-મસ્તિષ્કની સુધારણા કરવામાં આવે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# જૂનાગઢમાં હોળી-ધુળેટી પર્વ ઉજવવા ભારે ઉત્સાહ





જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરમાં હોળી-ધુળેટી પર્વને ઉત્સાહભેર ઉજવવા માટે તૈયારીઓ શરૂ થઈ ચુકી છે અને આ પર્વને અનુલક્ષીને બજારોમાં રંગબેરંગી કલર આકર્ષક પિચકારીઓનું વેચાણ થઈ રહયું છે.

આપણે ત્યાં ઉજવાતાં દરેક તહેવારોનું આગવું મહત્વ રહેલું છે. દરેક તહેવારો લોકો ઉત્સાહભેર મનાવે છે. આગામી દિવસોમાં આવી રહેલ હોળી અને ધુળેટીનો તહેવાર પણ પરંપરાગત રીતે ઉજવવામાં આવશે અને જેને લઈને ઉત્સાહ જોવા મળે છે.

## બજારોમાં રંગબેરંગી કલર-આકર્ષક પિચકારીઓનું વેચાણ

હોળી પર્વના દિવસે જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારો, સોસાયટી, ચોકમાં હોળીનાં દિવસે છાણાને વ્યવસ્થિત ગોઠવી અને પુજનવિધી સાથે હોળી પ્રગટાવવામાં આવે છે. ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીનાં મંદિર અને દાતારબાપુની જગ્યાનાં પરીસરમાં સૌપ્રથમ હોળી પ્રગટાવવામાં આવે છે અને ત્યાર બાદ શહેરના અનેક વિસ્તારોમાં હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો પુર્ણ શ્રધ્ધાથી હોલી માતાની પ્રદક્ષિણા કરે છે. શ્રીફળ, ધાણી, ખજુરનાં પ્રસાદ ધરે છે. નાના બાળકોને પણ સાથે રાખી હોળી માતાની પ્રદક્ષિણા કરી અને સૌની રક્ષાની કામનાં કરવામાં આવે છે. ધાણી, દારીયા, ખજુર, હારડાનો પ્રસાદ લેવામાં આવે છે. ઘણા પરિવારોમાં ‘વાડ’જેવા પ્રસંગો પણ ઉજવાતા હોય છે. હોળીનાં બીજા દિવસે ધુળેટીનુ પર્વ પણ મનાવવામાં આવે છે. આ દિવસે પરસ્પરને રંગોથી ભરી એકબીજાને શુભકામનાઓ આપી અને ધુળેટીનો તહેવાર મનાવવામાં આવે છે.

આજે તો રંગોમાં અનેક રંગો ભળેલા હોય અને તૈયાર પણ બજારોમાં મળે છે. અગાઉ તો ‘કેસુડા’નાં રંગે હોળી રમવામાં આવતી હતી. હોળીના પર્વ પ્રસંગે ઠેકઠેકાણે હોલીકા દહનનાં કાર્યક્રમો યોજાતા હોય છે અને બીજે દિવસે એટલે કે ધુળેટીના પર્વના દિવસો રંગોના આ તહેવારને ઉમંગ અને ઉત્સાહથી મનાવવામાં આવે છે. “રંગ બરસે ભીગે ચુનરીયા રંગ બરસે”ના ગીતોનાં ગુંજારવ થતા હોય છે.

આગામી તા.૧૩ માર્ચ અને ગુરૂવારના રોજ હોળી (હુતાસણી) અને તા.૧૪ માર્ચના રોજ ધુળેટી પર્વ મનાવવામાં આવશે. આ બંને તહેવારોને ઉજવવા માટે ઉત્સાહ જોવા મળે છે. બજારોમાં હારડા, કોપરૂ, ખજુરની ખરીદી ઉપરાંત બજારોમાં આકર્ષક વિવિધ પ્રકારની પિચકારીઓનું વેચાણ થઈ રહયું છે.

## જૂનાગઢમાં ૨૦ વર્ષીય યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત : અરેરાટી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢમાં મધુરમ વિસ્તારમાં રહેતી એક ૨૦ વર્ષીય યુવતીએ આપઘાત પૂર્વે માતા અને ભાઈને સંબોધીને વિડીયો બનાવીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર જાગી છે, આ ઘટના અંગે પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતીને પારિવારીક કંકાસ અને ઝગડાઓથી આ પગલું ભર્યાનું અનુમાન છે. જૂનાગઢમાં મધુરમ વિસ્તારમાં રહેતી અને પ્રાઈવેટ નોકરી કરતી લક્ષ્મી વેગડા(ઉ.વ.૨૦) નામની યુવતીએ રાતે પોતાના ઘરે રસોડામાં ચુંદડી બાંધીને ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. જે બનાવ પૂર્વે યુવતીએ આપઘાત પૂર્વે એક વિડીયો બનાવ્યો હતો જેમાં રડતા રડતા પોતાની માતા અને ભાઈને સંબોધીને એવું જણાવેલું છે કે તને ખબર છે મારામાં કેટલી પ્રોબ્લેમ છે. હું ભણેલી નથી, મારા પગ ઉપર ઉભી રહી શકું એમ નથી, મને એવું પાત્ર મળી ગયું તો મારે તારી(માતા) જેમ હેરાન થવું પડશે, એટલે હું આવી રીતે કરૂ એટલે આખી જીંદગી ઉપાધી નહી. હું દુઃખ સહન કરી શકું નહી. હું કેટલી નબળી પડું છુ, બધામાં મને ડર લાગે છે.

### આપઘાત પૂર્વે યુવતીએ વિડીયો બનાવી જીંદગી ટુંકાવી

ભાવિન મમ્મીનું ધ્યાન રાખજે,મમ્મી તારા ભરોસે જીવે છે, હું જે કરૂ છું તે મારા માટે કરૂ છું. એટલે આ જીંદગીથી મને કંટાળો આવે છે. એટલે આ રસ્તો અપનાવ્યો છે. આ વિડીયો બનાવીને યુવતીએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યું કે, આ બનાવ અંગે પોલીસે વિડીયો કબ્જે કરીને વધુ તપાસ શરૂ કરી છે.

## જૂનાગઢમાં યુવાનનું અપહરણ કરી મારમાર્યાની ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરના મજેવડી દરવાજા નજીકથી યુવાન પાસે અગાઉ આપેલ રૂપિયાની ઉઘરાણી કરી યુવાનનું અપહરણ કરી લઈ જઈ મારમાર્યાની ૩ વિરૂધ્ધ એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે સતિષભાઈ પ્રવીણભાઈ ગોહીલે દિનેશ ઉર્ફે ટકો બારીયા, આર્યન ભયલાભાઈ વાજા, શૈલેષ જમનાદાસ ટાટમીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી દિનેશ ફરીયાદી પાસે રૂા.૬૦૦૦ માંગતો હોય જે વાતનુ મનદુઃખ રાખી ફરીયાદીની તેના ઘરેથી મોટર સાયકલમાં બેસાડી અપહરણ કરી લઈ જઈ પીવીસીના પાઈપ વડે મારમારી, ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મજેવડીનાં યુવાને લોન ન કરાવી દેતા મારમાર્યો : ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ નજીક આવેલ મજેવડી ગામે રહેતા યુવાને લોન ન કરાવી દેવાનું મનદુઃખ રાખી ૩ શખ્સોએ મારમારી રૂા.૬૦૦૦ બળજબરીપુર્વક કઢાવી લીધાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે હિમાંશુ ઉર્ફે સાહીલ કાનાભાઈ મહીડાએ રવી જીવાભાઈ ભારાઈ, નીખીલ પટેલ, સંજય ઉર્ફે આંતીયો રહે.ત્રણેય મજેવડીવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી હોટેલ ગામઠી ખાતે જમવાનુ પાર્સલ લેવા ગયેલ તે દરમ્યાન આરોપીઓ ફરીયાદીને જોઈ જતા ફરીયાદી લોન કરાવવાનુ કામ કરતા હોય અને આરોપીની લોન કરી આપેલ ન હોય જેથી ફરીયાદીનો કોલર પકડી એક બાજુ લઈ જઈ ઢીકાપાટુનો માર મારી ભુંડી ગાળો આપી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ફરીયાદી પાસેથી બળજબરી પુર્વક રૂા.૬૦૦૦/- કઢાવી લઈ ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢના ઝાલણસર નજીક કાર્ગો રીક્ષા ચાલકે મોટર સાયકલને હડફેટે લેતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢના ઝાલણસર ગામ નજીક કાર્ગો રીક્ષા ચાલકે મોટર સાયકલને હડફેટે લેતા એકનું મોત નિપજયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વીગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે આશીષભાઈ ભાણજીભાઈ રાઠોડે ઓટો મેક્ષીમા કાર્ગો નં.જીજે-૧૧-યુયુ-૨૬૨૩ના ચાલક યોગેશભાઈ રવજીભાઈ ગોંડલીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાની કાર્ગો રીક્ષા પુરઝડપે અને બેફીકરાથી ચલાવી ભાણજીભાઈની મોટર સાયકલ નં.જીજે-૧૧-બીસી-૭૭૮૨ને હડફેટે લેતા ભાણજીભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ જયારે મોટર સાયકલ પર પાછળ બેસેલ ભાવનાબેનને ગંભીર ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢના ગીરનાર દરવાજા રોડ પર મોટર સાયકલ સ્લીપ થતા ચાલકનું મૃત્યું થયાનું એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે રમેશભાઈ ભીખુભાઈ જાદવે જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ વિપુલભાઈ ભીખુભાઈ જાદવ સીડી ડીલક્ષ મોટર સાયકલ નં.જીજે-૧૧-એજે-૭૭૫૨ લઈને જતા હોય દરમ્યાન મોટર સાયકલ સ્લીપ થતા માથામાં તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશનનાં ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)




જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન તથા વંથલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને છેલ્લા ૪ વર્ષથી પ્રોહીબીશનનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચ દ્વારા ઝડપી લેવામાં આવેલ છે. ગાંધીગ્રામ ગ્રોફેડ મીલ પાસે રહેતા અલ્પેશ પાલા ગરચર પ્લાસવા રોડ વિસ્તારમાં આંટાફેરો કરતો હોવાની હકીકતનાં આધારે વોચ રાખવામાં આવી હતી. અને ત્યાં આ શખ્સ મળી આવતાં તેને ઝડપી લેવામાં આવેલ છે. ક્રાઈમ બ્રાંચ જૂનાગઢનાં પીઆઈ જે.જે. પટેલ તથા સ્ટાફ દ્વારા આરોપીની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.